Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.16 - Issue 04
April 2023
Price 15/-



રાજકોટ રણછોડનગરમાં 'શિવરાત્રી' ઉત્સવમાં કેકકટીંગ કરતાં રાજયોગિની ભારતીદીદી, ઈમીટેશન જ્વેલરી એસોશીએશનના સભ્ય અરવિંદભાઈ મુંગરા, ડૉ. નિર્મલભાઈ, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. શીતલબેન.

ગાંધીનગર સેકટર ૨૮ ખાતે 'શિવજંયતી'માં MLA રીટાબેન પટેલ, બ્ર.કુ. કૈલાસબેન, મ્યુ. કાઉન્સીલર સોનાલીબેન તથા દિપીકાબેન, ઉદ્યોગપતિ દિનેશભાઈ, કેપીટલ ઑફસેટના માલિક ભ્રાતા રમેશભાઈ.

અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે 'મહાશિવરાત્રી'ની ઝાંખી સાથે બેંક ઑફ બરોડાના GM ભ્રાતા આર.પી.સીંગ, ભ્રાતા અમીતભાઈ, બ્ર.કુ. ભાવનાબેન, બ્ર.કુ. દમંયતીબેન, બ્ર.કુ. રેવતીબેન, બ્ર.કુ. નંદિનીબેન.

સુરત મોટા મીયા માંગરોળના ગાદીપતિ મતાઉદીન ચિશ્તી, સલિમ બાવા સાથે જ્ઞાનચર્ચા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ. સુનીતાબેન, બ્ર.કુ. રીનાબેન.

કેશોદ ખાતે 'શિવધ્વજારોહણ' બાદ પ્રતિજ્ઞા કરતાં MLA ભ્રાતા દેવાભાઈ માલામ, MLA ભ્રાતા ભગવાનજી કરગઠિયા, સમાજ સેવક ભ્રાતા દિનુભાઈ, ભ્રાતા રફીકભાઈ મહિડા, બ્ર.કુ. રૂપાબેન.

બાંટવામાં 'શિવરાત્રી' સ્નેહમિલનમાં નગરપાલિકા પ્રમુખ રણજીતભાઈ વાઢેર, ઉપપ્રમુખ રાજુભાઈ લાલવાણી, ગુરૂદ્વારાના પ્રમુખ મનહરસિંહ બેદી, સાંસદ પ્રતિનીધી સુનિલભાઈ, બ્ર.કુ. મધુબેન.

જલાલપોરમાં 'શિવસંગીત સંધ્યા'માં કામધેનુ યુનિવર્સીટીના કૉલેજ ઓફ ફીશરીઝ સાયન્સ વિભાગના આચાર્ય ડૉ. રીતેશભાઈ, ગાયીકા બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. ગીતાબેન તથા બ્ર.કુ. ભાનુબેન.

વડોદરા છાણીમાં 'કિસાન સંમેલન'માં બ્ર.કુ. રાજુભાઈ, બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન, કાઉન્સીલર હરીશભાઈ, ખેતીવાડી અધિકારી ઉમેશભાઈ, એગ્રીકલચર એજન્સીના ડેપ્યુ. ડાયરેકટર દિપકભાઈ, બ્ર.કુ. ભાવનાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ એપ્રિલ- ૨૦૨૩ અંક : ૦૪

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ઈશ્વરીય પ્રેરણા ....તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..07
- પવિત્ર જીવન માટે ઈશ્વરીય પ્રેરણાઓ.....બ્ર.કુ. સૂર્યભાઈ ..10
- એકરસ અવસ્થામાં રહેવાની ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- જીવનસાફલ્યની ચાવી - ....બ્ર.કુ. પ્રો. બિપિનચંદ્ર ..14
- જ્ઞાનનું ત્રીજું નેત્ર મળી ગયું ....બ્ર.કુ. હેમંત ..18
- ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ....બ્ર.કુ. હેમંત ..20
- પ્રસંગ પરિમલ 22
- દૃષ્ટ અને વરદાની હાથે જિંદગી બદલી .....બ્ર.કુ. દિલીપ ..24
- સ્વઉન્નતિમાં બાધક આળસ ....બ્ર.કુ. ભગવાન ..25
- ભક્તિ યોગ, જ્ઞાન યોગ, કર્મ યોગ...........બ્ર.કુ. નીલા ..26
- આધ્યાત્મિક શિક્ષણગૃહ ....બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ..28
- બલિહારી 'બે' બોલની ....બ્ર.કુ. અનિલ ..31
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિની ..32
- સંગમયુગની શબ્દાવલી 34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

નાના-મોટા બધાજ સેવાકેન્દ્રો દ્વારા થયેલી વિવિધ સેવાઓના ઓરીજનલ હાઇરેઝુલેશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા, મહેમાનોનું આખું નામ, બરાબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનમૃતના ઇમેલ પર જ આવકાર્ય છે. અગ્રતા ક્રમે ફોટા મળ્યા હોય, દરેક પ્રકારે ફોટાની ગુણવત્તાઓના આધારે ન્યાય અપાશે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઈલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ક્વોલીટી વાળા ફોટા ઈમેલમાં એડ્રેસ કરવા. તમે whatsappમાં મોકલેલા અથવા તમને કોઈએ whatsappમાં મોકલાવેલ, કોઈના ફોરવર્ડ કરેલા ફોટા મોકલવા નહીં.
whatsappથી મોકલાવેલ ફોટા પ્રિન્ટિંગ ક્વોલિટી માટે બરોબર હોતા નથી.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

ઈશ્વરીય પ્રેરણા

સાધનાનો પથ અનેકો રહસ્યોથી ભરેલો છે. સાધક જ્યારે સાધનાની ગહનતામાં આગળ વધે છે. ત્યારે તે અવનવા અનુભવોની અનુભૂતિ કરે છે. આ અનુભૂતિ જ તેના જીવનને દિવ્ય, મહાન બનાવવા માટેનું બળ પૂરું પાડે છે. અનુભૂતિની એરણ ઉપર યથાર્થતાને ચકાસ્યા પછી નિશ્ચયબળમાં વૃદ્ધિ થાય છે. જે તે સાધનાપથમાં સાધકને સાધના પ્રત્યે, સાધન પ્રત્યે અને સાધ્ય પ્રત્યે પૂર્ણ નિશ્ચય, અડગ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ હોવાં જરૂરી છે. આમ થાય તો જ ઈચ્છિત પરિણામ મેળવી શકાય છે. અનુભૂતિ એ પ્રગતિનું પ્રેરકબળ છે. માનવ જે કંઈ પ્રવૃત્તિ કરે તેમાં જો તેને દિવ્ય આનંદ મળતો હોય તો જ તે પ્રવૃત્તિ સફળતાને વરે નહીંતર ક્યારેક તે બોજ બની જાય છે. અને એક વખત કોઈ રાહ સ્વીકાર્યો પછી તેમાં અનુભૂતિ થાય કે ન થાય, જીવન દિવ્ય બને કે ન બને પણ લોકલાજને જ માત્ર ધ્યાનમાં રાખી જે તે સાધના કર્યા કરવી અને સાધનાથી પ્રાપ્તિ સંતોષ કે આનંદની અનુભૂતિ ન થાય, તો તે ઢસરડો બની જાય છે. લાંબે ગાળે તે આત્માને થકવી નાંખે છે, એટલું જ નહીં પ્રતિકૂળ સંજોગોમાં દબાયેલા વિકારી સંસ્કારો જાગૃત થાય છે અને ક્યારેક તેનાથી અનુચિત કાર્ય પણ થઈ જાય છે.

જીવન પણ એક સાધના છે. તેમાં કોઈ પણ લક્ષ્ય કે ધ્યેય કોઈનું લાદેલું ન હોય, કોઈને પ્રસન્ન કરવા જ કરતા હોઈએ એવું ન બનવું જોઈએ. જો તે અંતરમાંથી ઉઠે તો જ તેમાં મજા આવે. તેથી સાધનાની ખૂબી અંતઃસ્ફૂરણમાં રહેલી છે. જે પણ કામ દિલથી થાય, અંતરથી થાય, પ્રસન્નતાથી થાય, તેમાં જ સુખદ પરિણામો સંભવી શકે છે. આ માપદંડને ધ્યાનમાં રાખીને આપણે એ નિષ્કર્ષ ઉપર આવીશું કે સાધનાપથમાં કેટલા વર્ષો વીતાવ્યા તે મહત્વનું નથી પણ કેવી રીતે વીતાવ્યાં તે મહત્ત્વનું છે. મનને મારીને નહીં પણ મનને પ્રેમથી જીતીને સાધના કરવાથી સાધકમાં બેવડું બળ પ્રગટે છે. આ બળ જ તેનામાં આત્મવિશ્વાસ પ્રગટાવી એને ભિન્ન ભિન્ન દિવ્ય અનુભૂતિનો આસ્વાદ કરાવે છે.

સાંસારિક સંબંધોમાં પ્રથમ પરિચય થાય છે પછી સબંધ સ્થાપિત થાય છે અને ત્યાર પછી તન્મયતા જન્મે છે. તે રીતે પરમાત્મા પ્રત્યેનો પ્રેમ સંબંધ નિષ્કામભાવે વિકસે અને તન્મયતામાં પરિણમે તો આત્મામાં નિરંતર પરમાત્મ ચિંતન ચાલે છે. પરમાત્માની આસપાસની સૃષ્ટિના સંકલ્પો, વિચારો ઉઠે છે. તેથી આત્મામાં એક પ્રકારની ભાવજન્ય સ્થિતિ જન્મે છે. જે ઈશ્વરીય પ્રેરણાની અનુભૂતિ ઝીલવા માટે અસરકારક નીવડે છે.

જ્યાં સુધી દેહ અને દેહની દુનિયા પ્રત્યેની આસક્તિ ઘટતી નથી. વિકારોનું આકર્ષણ ઘટતું નથી. વિકારોનું આકર્ષણ ઘટી દિવ્યતા આવતી નથી. ત્યાં સુધી સાધકનું મન દુન્યવી વાતોમાં જતું રહે છે. જો તેને સ્થાયી રાખવું હોય, સ્થિતપ્રજ્ઞની અવસ્થા પ્રાપ્ત કરવી હોય તો વિકારો ઉપર વિજય મેળવવામાં નિરંતર સઘન પુરુષાર્થ જરૂરી છે. સાધકના જીવનમાં પવિત્રતાની ધારણા હોવી અતિ આવશ્યક છે. કર્મેન્દ્રિયો ઉપરનું આધિપત્ય જ આત્માને પરમાત્માનુભૂતિ માટે યોગ્ય બનાવે છે. આજે સાંસારિક સંબંધો જાળવીને, વિકારી જીવન જીવીને પણ ધર્માચાર્યો બનતા હોય છે. હવે પ્રશ્ન

એ છે કે રામ અને કામ બંને સાથે કેવી રીતે રહી શકતાં હશે ? જ્યાં સુધી જિહ્વારસ છૂટ્યો ન હોય, ઉપભોગની વૃત્તિનો સ્ત્રીસંગ છૂટ્યો ન હોય, ભૌતિક પદાર્થો પ્રત્યેનું આકર્ષણ ઘટ્યું ન હોય તો ક્યારેક આધ્યાત્મિક વ્યક્તિ દ્વારા અનર્થ આચરણ થતું હોય છે. તેથી વાસ્તવિક અર્થમાં ઈશ્વરીય સંતાન બનીએ અને તે માટેની પાત્રતા કેળવીએ તો જ દૈહિક સુખોની વિસ્મૃતિ થાય છે અને સાધક અતીન્દ્રિયસુખની અનુભૂતિ કરે છે.

સાધકની પ્રવૃત્તિનો પ્રભાવ એની વૃત્તિ ઉપર પડે છે. ખાસ કરીને ઘર ગૃહસ્થમાં રહીને કમળ પુષ્પ સમાન પવિત્ર જીવન જીવનાર અને લૌકિક નોકરી, વ્યવસાય કરનાર સાધકને વિશેષ સજ્જતા રાખવી પડે છે. આજનું સમાજ જીવન કેટલું કલુષિત બન્યું છે. તેની પ્રતીતિ તો આપણે કરી જ રહ્યા છીએ. ઠેર ઠેર વાદવિવાદ કુટુંબ કલેશ, સંઘર્ષ, જૂથવાદ, તકવાદ, રાજકારણ આદિ અનેક સામાજિક દૂષણો રગરગમાં પ્રસરી ગયાં છે. આજે કોઈ પણ ક્ષેત્ર આ બદીઓથી મુક્ત રહ્યું નથી. ત્યારે તટસ્થ ભાવે, ઉમદા હેતુઓથી જીવન જીવનાર આત્માને પણ આ પરિબળો મુક્ત રહેવા દેતાં નથી. પોતાની હદની વૃત્તિઓ અને પ્રપંચી જાળમાં તેને જોડવાનો મિથ્યા પ્રયાસ થાય છે. આ કારણે સાધકને આ સંસારની વિષમતા પ્રત્યે રહેમની ભાવના જન્મે છે. બે ધારી જિંદગી જીવતા, કથની અને કરણીની વિભિન્નતા ધરાવતા લોકો સાથે જીવવું એ પણ દિવ્યજીવન જીવતા સાધક માટે પડકારરૂપ છે. તેથી આવા સમયે સાધકમાં સાક્ષીભાવ અને વ્યર્થની વિસ્મૃતિ માટેની અસરકારક શક્તિ હોવી જોઈએ. સારગ્રહણ કરીને વ્યર્થ વાતોમાંથી મન, બુદ્ધિ હટાવીને પરમાત્મા પ્રત્યે વાળવાની કળા જો સહજ સાધ્ય બને, વિકારી દુનિયા વચ્ચે રહેવા છતાં પણ જો જલકમલવત્ત રહેવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકાય તો ઈશ્વરીય પ્રેરણા ઝીલવાને માટે યોગ્ય બની શકાય છે.

સાધકનું જીવન બાળક જેવું નિર્દોષ, નિખાલસ, નિરાડંબરી, નિ:સ્વાર્થી, નિષ્કામી અને નિમિત્તભાવનું હોવું જોઈએ. હૃદયમાંથી કુટિલતા, ઘૃણા, ઈર્ષ્યા, વેરઝેર, ભોગવિલાસની વૃત્તિ આદિ સમાપ્ત થયાં ન હોય ત્યાં સુધી સાધકનો આત્મા સાધના માટેનું દિવ્યપાત્ર બની શકતો નથી. જેમ સિંહણનું દૂધ કનકપાત્રમાં જ ટકી શકે છે તે રીતે સાધકનો આત્મા કનકપાત્ર બને, તો જ ઈશ્વરીય પ્રેરણાના સંકેતો ઝીલી શકાય છે. ખાસ કરીને અમૃતવેળા અને સંધ્યાકાળે કરાતા વિશેષ યોગાભ્યાસ, પ્રાર્થનામાં આવી અનુભૂતિઓ થતી હોય છે.

સાધનામય જીવનમાં અન્ય આત્માઓની સેવા કરવાની ઉત્કટ ભાવના હોવી જોઈએ. આજે લોકો અનેક સમસ્યાઓને કારણે દુ:ખી, અશાંત છે. તેમના હૃદયોમાં અનેક ઘા પડેલા છે. આ હૃદયોના જખમો દૂર કરવા માટે અમૃતવાણીના મલમની જરૂર છે. નયનોમાં વિશુધ્ધ પ્રેમનાં નીરની જરૂર છે. શુભકામના અને શુભભાવના પ્રેરિત યથાર્થ જીવન રાહના નિદર્શનની જરૂર છે. આજે લોકો પ્રવચનો, ભાષણો, સપ્તાહોથી કંટાળ્યા છે. ત્યારે આપણું દિવ્ય ગુણ સંપન્ન જીવન જ તેમના માટે પ્રેરણા સ્ત્રોત બને, ચૈતન્ય મંદિર બને તેવું જીવન જીવવું જોઈએ. પરમાત્મા અને તેની સ્વર્ગીય સૃષ્ટિના નિર્માણકાર્યમાં જે સાધક વ્યસ્ત છે. તેને સેવા માટેની, સાધના માટેની પ્રેરણાઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે પરમાત્મા પાસેથી મળે છે.

ઈશ્વરીય પ્રેરણા ઝીલવા માટે પરોઢિયે ત્રણથી પાંચનો સમય ઉત્તમ ગણાય. આ સમયે આત્મા સજની બની પરમાત્મા પ્રીતમના મિલન

માટે આતુરતા કેળવે, ઉત્કટભાવે પ્રસન્નતાથી આ સોનેરી પળોને સાચવી લે, તો તેના ઉપર પરમાત્માની પ્રીતિ ઉતરે છે. પણ જેમ ટેલીફોનની ઘંટડી વાગવા છતાં આળસ કે પ્રમાદને કારણે સત્વરે રીસીવર ન ઉપાડીએ કે તેને નીચે મૂકી રાખીએ તો ટેલીફોન કરનાર સાથે સંપર્ક સંધાતો નથી. તે રીતે આત્મા પ્રમાદી બનીને આ સોનેરી પળોનો લાભ ન ઉઠાવી શકે, તો તે અનેક પ્રાપ્તિઓથી વંચિત રહી જાય છે. વારંવાર પ્રમાદી બનીને ઈશ્વરીય પ્રેરણાઓ ન ઝીલનાર આત્મા આવા અનુભવોનો લાભ મેળવી શક્તો નથી.

આસપાસના વાયુમંડળની સાધકની જીવન ઉપર મોટી અસર થાય છે. સ્થળનો પ્રભાવ સ્થિતિ ઉપર પડે છે. સ્મશાનમાં, હોટલ, થિયેટરમાં, પ્રવાસનાં સ્થળોએ, મંદિરમાં કે તપોભૂમિમાં, શિક્ષણક્ષેત્રમાં વાયુમંડળમાં ભિન્નતા રહેલી હોય છે. સાધકનું ઘર ગૃહસ્થઆશ્રમ બને, તો ઘરનું આસપાસનું વાતાવરણ તેની સાધના માટે પ્રેરક બને છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે, *'કુગ્રામવાસ, કુજનસ્ય સેવા કુભોજનં ક્રોધમુખી ચ ભાર્યા, મૂર્ખ ચ પુત્રો, વિધવા ચ કન્યા દહન્તિ નૂનં મનુજં વિનાગ્મિન્'*

જો ખરાબ સ્થળે (કજિયા કંકાસ યુક્ત, સંસ્કાર વગરના સ્થળે) વસવાટ હોય, ખરાબ માણસની સેવા કરવાની હોય (જ્યાં નોકરી ધંધો કરતા હોઈએ ત્યાંની અધિકારી વ્યક્તિ કુટિલ હોય), કુભોજન (તામસી આહાર) હોય, પત્નીનાં સ્વભાવ ક્રોધી હોય, પુત્રો મૂર્ખ હોય અને ઘેર વિધવા કન્યા હોય, તો માનવ વગર અગ્નિએ જ બળે છે.'

કેટલીક ઘટનાઓ કર્મોના હિસાબ કિતાબ રૂપે તો કેટલીક ઘટનાઓ આપણાં આળસ, અસાવધાની કે બેદરકારીને કારણે બનતી હોય છે, તેમાં પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ હીનતાનો દોષ વિશેષ હોય છે. આપણને કોના ત્યાં જન્મ મળે છે. તે આપણા હાથની વાત નથી પણ જન્મ મળ્યા પછી તેને ઉન્નતકક્ષાએ લઈ જવા માટેનો પુરુષાર્થ કરવો તે તો આપણા હાથની વાત છે. પુરુષાર્થમાં પોલાદી શક્તિ રહેલી હોય છે. તેનાં અનેક દૃષ્ટાંતો અનેક લોકોનાં વાસ્તવિક જીવનમાંથી, પુસ્તકોમાંથી મળે છે. તો આપણે યોગ્યતા મેળવવા માટે યોગ્ય બનવું પડે છે. ચાલો, આપણે પણ એવો ભગીરથ પુરુષાર્થ કરી પરમાત્માની પ્રેરણા ઝીલવાને માટે યોગ્ય બનીએ.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 09નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

લેશો? આ પોતાનાથી દૂર જવાનો સરળ ઉપાય છે. પણ તે થોડા સમય માટેનો છે.

કેટલાક લોકો આ માટે અલગ અલગ ઉપાયો વિચારે છે. કોઈ ખરીદી કરવા જાય છે. કોઈ ક્યાંક બીજે જાય છે એક છે ભૂલવું અને બીજું છે તે દૂર કરવું અને એને સમાપ્ત કરવું. આવા પ્રયોગોથી તે સમાપ્ત થતા નથી. થોડા સમય માટે તે અટકી જાય છે. આમ બીજું એક માધ્યમ (ટી.વી., સિનેમા) આપણા ઉપર કબજો જમાવે છે. આપણે એ વિચારવું જોઈએ કે હું એવા ઉપાયો કરું જેથી આ વિચારોના પ્રભાવ, ચાલુ ના રહે. મન ઉપર નિયંત્રણ કરવું જોઈએ. કોઈ રડી રહ્યું છે તો તેનો પ્રભાવ આપણા ઉપર પડે છે. કોઈ લડી રહ્યું છે તો તેનો પ્રભાવ પણ આપણા ઉપર પડે છે. જેને કારણે આપણને તેવો જ અનુભવ થાય છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

જેવી માન્યતા તેવો સંકલ્પ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપણે જીવનમાં કઈ માન્યતાઓ લઈને આગળ વધી રહ્યા છીએ તે આપણા વિચાર પર આધારિત છે. જેને કારણે આપણે દુઃખી જીવન જીવી રહ્યા હતા, તે માન્યતાઓને બદલવાની આ શ્રેણી દ્વારા મદદ મળશે.

પ્રશ્ન - આપે આ પહેલાં કહ્યું હતું કે જો મને સારું લાગી રહ્યું છે, મારી અનુભૂતિઓ બરાબર છે, કોઈ તકલીફ નથી, આપણે સારો અનુભવ કરી રહ્યા છીએ તો મારો ભરોસો (બિલીફ સિસ્ટમ) બરાબર છે. જો હું ઉત્તેજિત છું યા કોઈ પણ પ્રકારની નકારાત્મકતા છે, તો પોતાનો ભરોસો (બિલીફ સિસ્ટમ) તપાસો. જે બિલીફ સિસ્ટમ છે, જેના ઉપર હું કામ કરી રહી હતી, તે કામ કેવું કરે છે, માન્યતાને પરિવર્તિત કઈ રીતે કરવી છે આ એક લાંબી પ્રક્રિયા છે. હવે આપણે જોઈએ છીએ કે માન્યતા મારી ખુશીને કઈ રીતે ખતમ કરી દે છે?

ઉત્તમ - જે માન્યતા છે એના આધારે જ સંકલ્પ ચાલશે ને. આ પહેલાં આપણે મોટી મોટી બિલીફ સિસ્ટમ જોઈ. હવે નાની-નાની સામાન્ય બિલીફ સિસ્ટમ જોઈએ છીએ.

હવે એક સાધારણ એવો વિશ્વાસ (બિલીફ સિસ્ટમ) જોઈએ છે કે આજના સમયમાં ચિંતા હોવી સ્વાભાવિક છે. તનાવ હોવો સ્વાભાવિક છે. આખા દિવસમાં હું જેટલી પણ વાર તનાવ અને ચિંતાનો અનુભવ કરું છું તો એને હું સહજરૂપે સ્વીકારી લઉં છું કે આ કંઈ ખોટું થઈ રહ્યું નથી. આ તો સ્વાભાવિક છે. પછી હું પોતાને નાની નાની વાતોમાં તનાવમાં આવવાની અનુમતિ આપી દઉં છું. દાખલા તરીકે હું ધૂમ્રપાન કરું છું. ત્યારે એમ વિચારું છું કે ધૂમપાન મારા માટે સારું નથી. પણ જે ધૂમપાન નથી કરતા એમનો ભરોસો (બિલીફ સિસ્ટમ) છે કે ધૂમપાન કરવું સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે.

એ રીતે હું એક ધારણા બનાવું છું કે શાંતિ સ્વાભાવિક છે. અત્યાર સુધી મારો ભરોસો હતો તનાવ સ્વાભાવિક છે તો વિચાર કેવો જન્મશે? તેવો જ હશે. પછી એનો પ્રભાવ આપના વ્યવહારમાં આવશે. હવે આપણે પ્રયોગ કરીને જોઈએ છીએ કે ગુસ્સો સ્વાભાવિક છે. આ વિશ્વાસની સાથે આપણે ક્યાં પહોંચ્યાં. ગુસ્સો કરવાની આપણને આદત પડતી ગઈ અને દરેક વખતે ગુસ્સો કરવાથી મારી અંદર દર્દ જન્મ્યું. હવે એક નવી ધારણા (બિલીફ સિસ્ટમ)ની સાથે એક દિવસ માટે પ્રયોગ કરીએ છીએ શાંતિ સ્વાભાવિક છે. હવે આપણને કઈ રીતે ખબર પડશે કે બંનેમાંથી કોણ સ્વાભાવિક છે? ધારણાથી આપણને સુખની અનુભૂતિ થશે એને અમે સ્વાભાવિક માનીશું. આજે આપ ગમે તેટલો ગુસ્સો કરી લો પરંતુ દરેકને સારું શું લાગે છે? શાંતિ.

પ્રશ્ન - શાંતિ, શાંતિ તો માગી જ રહ્યા છીએ. શાંતિ આપણને જોઈએ છીએ, ખુશી આપણે માગીએ છીએ. આ પણ એક વિશ્વાસ (બિલીફ સિસ્ટમ) છે. એનો અર્થ બહારથી શોધવાની છે. ખુશી આપણી અંદર છે એ ધારણા તો આપણે બનાવી જ

નથી. ખુશી માત્ર મારા ઉપર આધારિત છે. તો જે પ્રકારની આપણી ધારણા હશે તે પ્રકારના સંકલ્પો ચાલશે.

તો એક દિવસ આપણે એક નાનકડી ધારણા સાથે પ્રયોગ કરીએ છીએ. શાંતિ સ્વાભાવિક છે. ગુસ્સો સ્વાભાવિક નથી. જો આપણે ગુસ્સા ઉપર મનન કરીએ તો આપણે કહીએ છીએ કે શાંતિ સ્વાભાવિક છે. શાંતિ મારો સ્વભાવ છે. ખુશી સ્વાભાવિક છે. ખુશ રહેવાનો મારો સ્વભાવ છે. હવે આપ આ ધારણાને લઈને આખો દિવસ ચાલો. એક દિવસમાં કોઈ જાદુ નહીં થાય પણ ધીરે ધીરે તે ધારણા આપણા સંકલ્પો પર કાર્ય કરવાનું શરૂ કરશે. જો મને ગુસ્સો આવશે યા હું ગુસ્સો કરીશ તો તરત જ હું સ્વયંથી કહીશ કે ગુસ્સો કરવો સ્વાભાવિક નથી. અત્યાર સુધી પહેલાં હું કહેતી હતી કે આ તો કરવું જ પડે. એના માટે સમર્થન પણ મારી પાસે હતું. એના ઉપર કામ કરવા માટે મેં એ સંસ્કાર પર કામ ના કર્યું. હવે આપણે કહીશું કે ના મને ગુસ્સો આવ્યો. પણ આ કામ વગેરે ગુસ્સા વિના પણ થઈ શકતું હતું. ધીરે ધીરે મારું ધ્યાન એના ઉપર જશે. ધીરે ધીરે મારી વિચાર કરવાની રીત બદલાઈ જશે. અને તે સ્વાભાવિક રીતે ધીરે ધીરે મારા વ્યવહારમાં આવી જશે. પરંતુ ગુસ્સો કરવો યોગ્ય છે. તો મારી વિચાર પ્રક્રિયા ચાલશે નહીં.

પ્રશ્ન - પરંતુ ધારણા પણ એક સંકલ્પ જ છે?

ઉત્તર - આ જમી ગયેલો સંકલ્પ છે, જેના આધાર પર આપણા વિચાર નીકળે છે. એથી એ મૂળભૂત સંકલ્પની રીત પણ વધારે મહત્ત્વપૂર્ણ બની જાય છે. હવે આ વિચારને લઈને યા આ ધારણાને લઈને ચાલશો કે ગુસ્સો કરવો સ્વાસ્થ્ય માટે લાભદાયક નથી. ગુસ્સા વિના પણ કામ થઈ શકે છે. તો એમને જ્યારે પણ ગુસ્સો આવશે તો તરત જ કોને જોશો સ્વયંને જોઈશું. સ્વયં પર કાર્ય કરીશું અને ધીરે ધીરે તે ધારણા એની ઓળખ બની જશે. ગુસ્સા વિના પ્રેમથી કાર્ય કરીશું. પણ જ્યાં સુધી આપણે આપણી ધારણાને બદલીશું નહીં. ત્યાં સુધી કામ થશે નહીં.

પ્રશ્ન - હું વિશ્વાસ (બિલીફ સિસ્ટમ) વિશે ફરીથી વિચારું છું કે મારો વિશ્વાસ મારા ભાગ્ય સુધી કઈ રીતે લઈ જશે.

ઉત્તર - વિશ્વાસ સંકલ્પોને જન્માવે છે અને સંકલ્પ આપણા ભાગ્યને બનાવે છે.

પ્રશ્ન - ક્યાંકને ક્યાંક આપણે ભરોસાની વાત કરીએ છીએ. તો આટલી બધી માન્યતાઓને લઈને આપણે પ્રયોગ કર્યા કારણ કે અત્યારે આપણે ખુશીના સ્તરને જોઈ રહ્યા છીએ. દિવસમાં મારી જે કક્ષા છે તે સ્થિર છે કે ક્યાંકને ક્યાંક ઉપર નીચે થયા કરે છે. મારી ખુશી કઈ કઈ વાતો પર નિર્ભર છે એ ચીજો આપણે જોઈ હતી. જ્યારે મેં કહ્યું કે ખુશી બહારથી આવે છે તો તે ક્યાં ક્યાંથી મળે છે તે જોયું. મેં મારી ધારણાને બદલી દીધી. મને એ ખબર નથી કે એ વિશ્વાસ અંદર સુધી ગયો કે નહીં પરંતુ આ એક સંકલ્પથી નવી ધારણા બની કે ખુશી મારી રચના છે.

ઉત્તર - અત્યાર સુધી આપણે વિચારતા હતા કે સાધનોથી ખુશી મળશે. હવે ખુશી મારી પોતાની રચના છે. અહીં બે માન્યતાઓ છે. આપણી નિર્ભરતા એના ઉપર નથી. હવે મારી પાસે મોબાઈલ નથી કે બીજા લોકોની તુલનામાં તે સારો નથી એ વિચારથી હું પરેશાન નહીં થાઉં. સાધન ઉપયોગ કરવા માટે છે. મને ખુશી મળશે એ ખ્યાલથી સાધન લાવ્યા હતા પણ એ સાધન જ મારી પરેશાનીનું કારણ બની જાય તો... હવે નવી માન્યતા સાથે જીવન જીવવાનો પ્રયાસ કરીએ.

સાધન છે ઉપયોગ કરવા માટે. સાધન સુખ આપે છે પણ ખુશી જન્માવી શકતું નથી. હવે એના તથ્યોને જોઈશું અને એના ઉપર પ્રયોગ કરીશું. પછી જો તે સારો લાગશે તો આપણે એને કહી શકીશું કે તે આધાર સાચો છે.

પ્રશ્ન - આ તો એક નવી માન્યતા છે.

ઉત્તર - આ સત્ય છે. એક છે વિશ્વાસ અને એક છે સત્ય. આપણે કેટલીક વાર કહ્યું છે કે વાસ્તવમાં સાચું અને ખોટું કયું છે તે જ્યારે આપણે પ્રયોગ કરીએ છીએ ત્યારે ખબર પડે છે કે સાધન લાંબા સમય સુધી સુખ આપી શકતાં નથી. આ મારા માટે સત્ય છે. શું આ સ્વાભાવિક છે? પછી આપણા જીવનની જે આધારશિલા છે તે થોડી વ્યવસ્થિત બની જાય છે.

પ્રશ્ન - એવી કઈ વાત છે તે અત્યારે પણ તે અનુભૂતિ, તે સંકલ્પ, એટલા શક્તિશાળી હોય છે કે તે બદલી શકતા નથી. કારણ કે ઊંડે સુધી તેનો પ્રભાવ પડેલો છે. જે આપણા મનમાં બેઠેલા છે અને જીવનભર આપણે એના પર ચાલ્યા છીએ. એક બીજી માન્યતા છે યા સત્ય છે. કારણ કે આપણી ખુશી એના ઉપર આધારિત છે. આપણે કહીએ છીએ કે તે કાર્ય કર્યા પછી મને ખુશી મળશે અને હું થોડા દિવસો માટે રજાઓ લઉં છું. યા આપણે મનોરંજનની વાત કરીએ છીએ. પછી તે ટેલીવિઝનના માધ્યમથી હોય, ફિલ્મોના માધ્યમથી હોય યા પુસ્તકોના માધ્યમથી હોય. એમાંયે નવલકથાઓ વાંચીએ છીએ યા બીજું કંઈ વાંચીએ છીએ. હવે આપણને પ્રશ્ન થાય છે કે આપણે ફિલ્મો જોવા શા માટે જઈએ છીએ? આપણે ટેલીવિઝન શા માટે જોઈએ છીએ?

ઉત્તર - જુઓ, આપણે ટેલીવિઝન શા માટે જોઈએ છીએ યા પછી સિનેમા જોવા માટે શા માટે જઈએ છીએ છીએ? ક્યાંકને ક્યાંક મારા જે સંકલ્પ ચાલી રહ્યા છે એની કક્ષા ખુશી આપે તેવી હોતી નથી તો એના બદલે આપણે ટી.વી. જોઈએ છીએ. વચ્ચેના આ ગાળામાં હું વિચારું છું કે આજે સંકલ્પો ચાલી રહ્યા છે તે ચાલ્યા જાય અને હું માનસિક રીતે હળવાશનો અનુભવ કરું. આપણે એ સમજવું પડશે કે આ સર્વ કરવાથી - જેમ કે ટેલીવિઝન જોવું, રજાઓ ઉપર જવું યા કોઈ ફિલ્મ જોવી તે ખરાબ વાત નથી પણ પૂરી સમજદારીથી કરીએ. તેનું શું શું નુકસાન છે, કયા કયા ફાયદાઓ છે તે જોઈએ.

આપણે વિચારી રહ્યા છીએ કે આ સર્વ કરવાથી આપણને ખુશી મળશે. તો અંદરથી એ તપાસવું પડશે કે શું વાસ્તવમાં મને ખુશી મળી છે કે ખુશી જન્માવવી પડે છે. વાસ્તવમાં શું થાય છે કે આપણે ધ્યાનથી ચકાસીશું તો ખબર પડશે કે આજે ઓફિસમાં કોઈની સાથે વિચારના મતભેદને કારણે ટક્કર થઈ ગઈ તે સૌ આ અવકાશના સમયમાં યાદ આવે છે. આપણા મનમાં સતત એ ચાલતું રહે છે કે એણે આમ શા માટે કહ્યું?

જ્યારે હું ઘેર આવી અને ટી.વી. ચાલુ કર્યું. ટી.વી. થોડું વધારે જોવા લાગી, તો એટલા સમયે હું જે વિચારતી હતી તે વિચારો ચાલ્યા ગયા. મને એવો વિચાર આવ્યો કે ટી.વી.ના આ કાર્યક્રમ મને ખુશી આપી રહ્યા છે. મારા દુ:ખ આપવાના જે વિચારો હતા તે થોડા સમય માટે ચાલ્યા ગયા. તો મને સારું લાગ્યું. કારણ કે એ દુ:ખ આપનારા વિચારો તો ઘણી તકલીફ આપી રહ્યા હતા. એને થોડા સમય માટે હું ભૂલી જાઉં છું. વાસ્તવમાં કાર્યક્રમથી મને ખુશી નથી મળી પણ મારા વિચારો તે સમયે બદલાઈ ગયા. જેવો કાર્યક્રમ બંધ થશે તેવી દુ:ખ આપનારી વાતો તાજી થશે. આપ કેટલા સમય સુધી કાર્યક્રમ જોશો? કેટલી વાર રજાઓ

(અનુસંધાન પેજ નં. 06 પર)

પવિત્ર જીવન માટે ઈશ્વરીય પ્રેરણાઓ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

પવિત્રતાને સૃષ્ટિ પર સૌએ સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. જેમણે સૃષ્ટિ પર આવીને જો કોઈ મહાન કાર્ય કર્યું છે તો જરૂર એમણે પવિત્રતાને જીવનનું અંગ બનાવી હશે. એક સમય એવો હતો જ્યારે મનુષ્યાત્માની સૌથી મોટી ઈચ્છા હતી પવિત્ર જીવન. એ એમના જીવનની શોભા હતી. આજે પણ એ પવિત્રતાની કીમતને જાણો. ફરીથી પવિત્રતાના સાગર આપણા પિતા આપણને જણાવી રહ્યા છે શિક્ષક બનીને સમજાવી રહ્યા છે. જગને પાવન બનાવનાર પરમાત્મા તમને પાવન બનાવવાનો વાયદો દિલથી આપી ચૂક્યા છે. તેથી પાવનતાના અધિકારી મહાન આત્માઓ, પરમાત્માને તમે પવિત્ર બનવાનું દિલથી વચન આપો. પવિત્રતાનું વરદાન તમારા જીવનને મહાન તથા પવિત્ર બનાવવા જ તમને મળ્યું છે. જેઓએ તમારા જીવનને પાવન બનાવવાની ગેરંટી આપી છે એમની પ્રેરણા છે.

તમે પરમ પવિત્ર આત્મા છો તે કદી ના ભૂલો. જેને તમે પ્રાણથી પ્યારા સમજો છો એમનું જ આ વરદાન છે કે તમે પવિત્રતાના અવતાર છો.

તમે લાંબા સમય સુધી એકલા જ સૃષ્ટિ પર રાજ્ય કર્યું છે તે તમને યાદ આવે છે. તમે સ્વરાજ્ય અધિકારી રહ્યા છો તો તમને કોણ પરાજિત કરી શકે છે? નિશ્ચય બળ ધારણ કરો.

તમે વિશ્વના માલિકને ગુપ્તરૂપમાં નવયુગ રચતાં ઓળખી લીધા. તમને કોઈ ના ઓળખે એવું ના બની શકે. પરંતુ ભગવાનની જેમ ગુપ્ત, નિષ્કામ, નિઃસ્વાર્થ કર્મ કરતા રહો.

કાંટાઓથી ગભરાશો નહીં. કાંટાઓને ફૂલ બનાવતા રહો, પરંતુ ચાલતા તો રહો. રસ્તાના કાંટા એક દિવસે ફૂલ બની જશે. આ કાંટા જ તમને લોકોમાં કોઈ બનાવી દેશે.

તમારા પ્રગટાવેલા દીપકને કોઈ તોફાન બૂઝાવી શકતું નથી તો તમે પોતાનાં જ તોફાનોથી શા માટે ગભરાઈ જાઓ છો? યાદ રાખો આ કાળાં દુઃખોનાં વાદળ તમારું મહત્વ વધારી રહ્યાં છે.

કૃષ્ણના હાથમાં સ્વર્ગ છે. ભગવાનના હાથમાં તમે છો. કોણ સારું લાગશે? આમ છતાં તમને નશો કેમ નથી રહેતો? ભગવાનના આશીર્વાદથી દુનિયાનું ભલું થાય છે. તે તમે સ્વીકારી ચૂક્યા છે. એમણે પોતાના આશીર્વાદનો હાથ તમારા મસ્તક ઉપર મૂકી દીધો છે. સૌનું હિત ઈચ્છનારાએ તમને પોતાના હાથની નીચે છૂપાવી રાખ્યા છે. તમારું અહિત કઈ રીતે થઈ શકે છે?

તમે ભગવાનની સાથે રહેવાનું શીખી લીધું છે. એમની યાદથી જેમને સુખ મળે છે તેઓ કેટલા ભાગ્યવાન છે. જેમની સાથે રહેવાથી પરમસુખ મળે છે તો તમારી સાથે રહેનારાઓને દુઃખ શા માટે થાય છે તમે પણ પોતાની સાથેના સર્વને સુખ આપવાનું શીખી લો.

તમે ઈશ્વરીય યાદ સ્વરૂપ રહો. તે તમારી યાદગારનો આધાર છે. મહાન લક્ષ્ય પર પહોંચવાનું લક્ષ્ય રાખનાર તમે મહાન કર્તવ્ય કરવાનું ભૂલશો નહીં. તમારાં મહાન ચરિત્ર તમારાં ચિત્ર બનાવી રહ્યા છે.

દુનિયાએ પ્રભુ પાસેથી માંગી માંગીને ઝોળી

પોતાની ભરી લીધી છે. અને તમને એમણે બધા અધિકાર સોંપી દીધા. ભંડાર ખોલી દીધા છે. છતાં પણ તમે સફળ શા માટે કહેવાતા નથી? એકવાર પોતાને મળેલા અધિકારોનું પુનરાવર્તન કરો.

જગના પાલનહાર તમારી પાલના કરવા માટે પોતાનું ધામ છોડીને આવ્યા છે અને તમને 5000 વર્ષનો પ્રેમ એક સાથે આપી રહ્યા છે. ચાર યુગોનો પ્રેમ એક મિલનમાં આપી રહ્યા છે. તો તમારે કેટલા હષ્ટ પુષ્ટ હર્ષિત રહેવું જોઈએ.

તમને ભગવાને સ્વયં આવીને કહ્યું છે તમે મારા નયનોનાં નૂર છો. અને તમે કહી રહ્યા છો. અમે તો હજુ દૂર છીએ. નૂર દૂર હોઈ શકે નહીં. દૂર રહેનારા સ્વયં સમીપ આવ્યા છે ત્યારે તો તમને જણાવ્યું છે તમે મારા નયનોનાં નૂર છો. સદા પોતાના સ્વમાનના આસન પર વિરાજમાન રહો.

અહા! તેં પહેલીવાર વિશ્વના માલિક પર વિશ્વાસ કર્યો. જગ તમારા પર પણ વિશ્વાસ રાખશે. તમને કોઈ જાણે એ વિચારવાનું પણ બંધ કરી દો. તમે તો જાની જાનનહારને જાણી લીધા છે. જગત તમને ના જાણે એવું બની ના શકે.

તમારી ખુશી સંસારનાં બધાં દુઃખો દૂર કરશે. તમે ખુશીઓના સાગરની લહેરોમાં લહેરાતા રહો.

તમે ધૈર્યતા ધારણ કરો. ત્યારે સર્વનાં કષ્ટ દૂર કરી શકશો. તમારાં જ કષ્ટ રહી ગયાં તો સંસારને સુખી બનાવવાનો વાયદો કલ્પના બની જશે. તમે સર્વ પર સુખ વરસાવો તો વિશ્વ જ આપણું બની જશે.

પોતાની મહાનતા જ્યાં જાઓ ત્યાં લઈ જાઓ. કોઈપણ કીંમત પર પોતાની કીંમત ભૂલશો નહીં પણ મહાન પ્રાપ્તિ માટે જે આપવું પડે તે આપતા રહો પરંતુ પોતાની મહાનતા ના ભૂલો. ધારણાઓ છોડશો નહીં.

તમે પરમ પવિત્ર આત્મા છો. જેમ આંખોનું નૈસર્ગિક કામ છે જોવાનું. તે રીતે તમારી દરેક કર્મેન્દ્રિયનું કામ જ્ઞાન-દાન, યોગદાન, સ્નેહદાન, સહયોગદાન, શક્તિદાન બની જાય. બસ તમે મહાદાની, મહાજ્ઞાની તથા વરદાની બનો.

તમે વિશ્વને પડકાર ફેંક્યો છે કોઈ અમને અમારા પથથી હટાવી ના શકે. તમે અટલ રહો. લોકો આશીર્વાદ આપશે, તમે સફળ રહો,

તમે કહી ચૂક્યા છો કે તમને (બાબાને) મેળવીને વિશ્વ મેળવી લીધું છે. હવે વિશ્વમાં શું શોધી રહ્યા છો?

બીજું શું મેળવવા ઈચ્છો છો? સર્વને રાહ બતાવનાર સ્વયં પણ એ રસ્તાઓ ઉપર ચાલતા રહો જેને તમે સ્વયં અપનાવેલ છે.

ધર્મની દીવાલો તોડનારાઓ, વેદોના ભેદ ખોલનારાઓ, શાસ્ત્રોના અર્થ જાણનારાઓ, હવે પોતાના મનની સૂક્ષ્મ દીવાલો પણ તોડી દો. માન-અપમાન, તારા મારાના ભેદ મિટાવી દો. તમને જે કંઈ મળ્યું છે સેવામાં લગાવી દો, તો તમને અષ્ટ રત્નોની માળામાં આવતાં કોઈ રોકી નહી શકે. દુનિયાના રોકવાથી તમે રોકાશો નહીં. આઠની માળામાં આવવામાં પણ ના થોભો.

તો આવો, એકવાર ફરીથી વરદાતાના વરદાનોને યાદ કરો. જેણે આપણું જીવન પાવન બનાવ્યું. એને પવિત્ર જીવનની અમૂલ્ય ભેટ આપો. ઈશ્વરીય જીવનને પવિત્રતાથી સજાવતા રહો જેથી જલ્દીથી પવિત્રતાનો ઝંડો દરેકના દિલ પર ફરકી શકે. જેણે આપણને પાવન બનાવ્યા એમની જ આ પ્રેરણા છે. પરમ પવિત્ર બનો, યોગી બનો જેથી પુનઃ પવિત્ર ઈશ્વરીય જીવન જીવનારાઓનો જય જયકાર થાય. ॥**ઓમશાંતિ**॥

એકરસ અવસ્થામાં રહેવાની યુક્તિઓ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

જે વિઘ્નો આપણે દૂર કરી શકીએ તે દૂર કરવા જોઈએ. જે દૂર કરી શકતા નથી. એ માટે શું કરીએ? દુઃખી થવાથી વિઘ્નો ઘટતા નથી. દુઃખી થવામાં તો આપણને નુકશાન છે. એટલે પ્રસન્નચિત્ત બનીને સહન કરવા જોઈએ. વીર મનુષ્યો આમ કરે છે.

આ સૃષ્ટિ હાર-જીતનો એક ખેલ છે. ખેલ તો સદા પ્રસન્નતા અને આનંદ પ્રમોદ માટે હોય છે. ખેલમાં હાર પણ થાય છે તો જીત પણ થાય છે તે તમે જાણો છો. તો તમે દુઃખી શા માટે થાઓ છો? ખેલના રહસ્યને ભૂલી જવું તે અજ્ઞાન છે. સાક્ષી બનીને ખેલને જોઈને હર્ષિત રહીએ એમાં જ્ઞાન છે. જ્ઞાનીજન કહે છે કે આનંદપૂર્વક સારી રીતે ખેલ ખેલો. આ દૃષ્ટિથી જીવન સુખમય થાય છે. તે વિના જીવન નરક છે, મૃત્યુ સમાન છે. મૃત્યુ અથવા અભિશાપ તો કોઈ ઈચ્છતું નથી. તો દુઃખી શા માટે થઈએ? હૃદય હર્ષિત શા માટે ન રહે? એકરસ અવસ્થામાં રહેવાનો દૃષ્ટિકોણ યુક્તિ યુક્ત છે.

જો વિનાશી અને પરિવર્તનીય વસ્તુઓમાં મન લાગેલું રહેશે તો મનની અવસ્થામાં અવશ્ય જ પરિવર્તન આવશે. મન એકરસ પદાર્થમાં લાગેલું રહે તો જ એકરસ અવસ્થા બને છે. સદા એકરસ તો એક માત્ર અજન્મા, અમર પરમાત્મા જ છે. મનુષ્યોનો સંસારના જડ પદાર્થોમાં બુદ્ધિયોગ ભટકવાથી અવસ્થા સ્થિર અને એકરસ કદી પણ થઈ શકતી નથી. એટલે એ અવિનાશી પિતા સાથે યોગ લગાવો. એ પરમાત્માને છોડીને તમારું મન કદી પણ વારસો મેળવી શકે નહીં. સ્થાયી સુખશાંતિની પ્રાપ્તિનો તમારો કોઈ ઉપયોગ સફળ થઈ શકે નહીં. જ્યારે મનુષ્યમાં હર્ષ-શોક, નિંદા-સ્તુતિ, માન-અપમાન વગેરેનો ભાવ હોય ત્યારે દુઃખનો અનુભવ થાય છે. અંતર્મુખીને કદી પણ દુઃખનો અનુભવ થઈ શકતો નથી. પરંતુ મનુષ્ય જ્યારે પોતાની વૃત્તિઓને દેહ અને દેહના સંબંધીઓ, વ્યક્તિઓમાંથી સમેટી લે છે ત્યારે અંતર્મુખી બને છે. જો ખુશીનો અનુભવ ઈચ્છો છો તો દેહીનું જ્ઞાન પ્રાપ્ત કરીને દેહી અભિમાની સ્થિતિમાં સ્થિત થઈ જાઓ. પરમાત્માની યાદ વિના જીવનમાં અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી. આજે આત્મા પરમાત્માનું જ્ઞાન ન હોવાને લીધે સંસારમાં વૈભવ હોવા છતાં લોકો દુઃખી છે.

જ્યારે તમારું મન ક્યારે અશાંત થવા લાગે છે યા તમે એવો અનુભવ કરો છો કે તમારી પાસેથી કંઈક ખોવાઈ ગયું છે તો સમજી લો કે તમે હજુ સુધી મનથી પૂર્ણ સંન્યાસ કર્યો નથી. જેટલો એક સાચા આશિકનો પોતાના માસુક પ્રત્યે પ્રેમ જાગૃત થયો નથી. જેટલો સમય તમે પોતાનું દિલ એ પરમાત્મા દિલબરને આપ્યું છે તેટલો સમય મન આનંદથી એકરસ (સાચી) અવસ્થામાં રહે છે. જ્યારે તમે દિલને ત્યાંથી હટાવો છો તો અશાંત માયા આવી જાય છે. કારણ કે દિલની એક વિશેષતા છે કે તે કદી ખાલી રહેતું નથી. દિલ પરમાત્માને આપવું એજ યોગ છે અને એકરસ પરમાત્મા પાસેથી સાચી એકરસ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. એકરસ અવસ્થા ન હોવી તે સિદ્ધ કરે છે કે તમારું મન કોઈ જગાએ અટકેલું છે. હવે પ્રશ્ન ઉઠે છે કે પ્રભુની

સાથે મન પૂર્ણ રીતે કઈ રીતે લાગે? એમના પ્રત્યે હૃદયમાં ભરપૂર પ્રેમ કઈ રીતે જાગે? વ્યક્તિ અને વિષયોમાંથી મનનો પૂર્ણ સંન્યાસ કઈ રીતે થાય?

આ ગુહ્ય રહસ્યને સમજવા માટે પોતાના વર્તમાન જીવન પર વિચાર કરો અને પોતાને પૂછો કે મારું મન સર્વ વ્યક્તિઓ તથા સર્વ પદાર્થમાં એકસરખું લાગે છે ? ઉત્તર મળશે ના. એનું કારણ શું છે. તમે કહેશો કે મનને જ્યાંથી વધારેમાં વધારે સુખ શાંતિની પ્રાપ્ત થાય છે. ત્યાં દોડે છે પછી ભલે તે સુખ ક્ષણિક હોય. અને પછીથી દુઃખનું કારણ બનતું હોય. બસ આ ઉત્તરમાં જ તમારી સમસ્યાનું સમાધાન છુપાયેલું છે. તમારું મન સાંસારિક તમોપ્રધાન વ્યક્તિઓનો સંન્યાસ કરતું નથી. કારણ કે તમે સમજો છો કે એમાં તમને રસ આવે છે. તમારું મન પ્રભુમાં લાગતું નથી. જો તમને જ્ઞાન દ્વારા પૂરો નિશ્ચય થાય કે પ્રભુ જ મુક્તિ જીવન-મુક્તિના દાતા છે તો કદી દુઃખ લેશમાત્ર પણ આવશે નહીં.

વિઘ્ન તો પોતાના જ વિકર્મોનું ફળ સમજવું. કર્મનું ફળ તો અવશ્ય મળે જ છે. ત્યારે ડર કઈ વાતનો? એને પ્રસન્નતાપૂર્વક સહન કરવું જોઈએ. એનાથી ક્લેશ ટાળી શકાય છે. એનાથી શારીરિક વ્યાધિ અન્ય વિઘ્ન હળવાં લાગે છે. વિઘ્ન આવ્યું તો આવ્યું. તેથી પાછળથી આધ્યાત્મિક અવસ્થામાં પ્રગતિ થાય છે. કારણ કે કલિયુગના અંતમાં જ્ઞાન પ્રાપ્ત કરનારની ચઢતી કળા છે.

હવે તો જે થઈ ગયું તે થઈ ગયું સમજી એની ચિંતા ના કરતાં ઉન્નતિ માટે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે પ્રગતિ પણ પુરુષાર્થ વિના પોતાની મેળે તો તમારી પાસે ચાલી નહીં આવે.

મત રંજ કર એ દિલ તૂ ગર અબ યહ કાલી રાત હૈ
ફિર વહી દિન આયેગા, દો-ચાર પલકી બાત હૈ

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 17નું અનુસંધાન)... જીવનસાફલ્યની

માણસો બધા જ વિષયમાં નિપૂણ હોઈ શકતા નથી. એ ન્યાયે એકાદ વિષયમાં પ્રભુત્વ મેળવવાથી આત્મવિશ્વાસ ટકી રહેશે.

13. આત્મનિંદાની બીમારી-Self contemptથી બચજો. પોતાને નકામા મહેસૂસ કરવાથી અચૂક નકામા બની જવાય છે.
14. ઝડપથી ચાલવાની શૈલી અપનાવો. સફળ અને આત્મવિશ્વાસુ માણસો અન્યો કરતાં 20% વધુ ઝડપે ચાલે છે.
15. ચહેરા પર સ્મિત ફરકતું રાખો. No man is well dressed unless he wears a smile. આત્મવિશ્વાસ કેળવવાનો સુંદર કીમિયો છે.
16. લોકો વચ્ચે જઈને બોલવાની ટેવ રાખો. વક્તૃત્વ ખિલવવાથી આત્મવિશ્વાસ ખીલશે.
17. તમારા વિચાર અને લાગણી બાબતે ધ્યાન આપો. જાગૃત રહો. શક્તિ હણનારા વિચાર બંધ કરો. શક્તિ પ્રદાન કરનારા વિચારને તેની જગ્યાએ મૂકો. આ પ્રક્રિયા ચાલુ રાખો.
18. શરમ અથવા ગુનાઈત લાગણી પેદા કરતા ભૂતકાળને દફનાવી દો. ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન થતું અટકાવો. આ ભૂલોની સ્મૃતિ 60% કરતાં પણ વધુ અંશે તમારા આત્મવિશ્વાસને હાનિ પહોંચાડે છે.

Genetics - Nature તમારા ચારિત્રનો 25-35% હિસ્સો ઘડે છે. બાકીનું તમારો ઉછેર - Nurture ભૂતકાળના અનુભવો - તેનું તમે કરેલું અર્થઘટન તમારા ચારિત્રનો બાકીનો ભાગ ઘડે છે.

'One day I finally realised I no longer needed a personal history - so I gave it up' - carlos castaneda. ॥ ઓમશાંતિ ॥

જીવનસાફલ્યની ચાવી - આત્મવિશ્વાસ

બ્ર.કુ. પ્રો. બિપિનચંદ્ર નાયક, મહાદેવનગર, અમદાવાદ.

નીચેની કસોટી પર અજમાવો હાથ

01. જો તમને નોકરી માટે કે કોલેજના એડમીશન માટે ત્રણ વાર ના પાડી દેવામાં આવે તો તમને તમારી શક્તિ પર શંકા ઉપજશે ? હા... ના...

02. મોટું ટોળું તમને મૂંઝવી નાંખે અથવા ગભરાવી દે ? હા... ના...

03. તમારું હમણાંનું કપડાંનું કબાટ જીર્ણશીર્ણ ને મેલાં કપડાંથી ભરાઈ ગયો છે? હા... ના...

04. તમે તમારી જાતને અરીસામાં વારંવાર જોયા કરો છો? હા... ના...

05. તમારું શરીર સીધું ટટ્ટાર હોય છે ? હા... ના...

06. તમને ક્યારેક એવું લાગ્યા કરે છે કે લોકો તમારી નિંદા કરી રહ્યા છે? હા... ના...

07. કાયદાનું અમલીકરણ તમારા હૃદયના ધબકારા વધી જાય છે? હા... ના...

08. હોટેલ, બસ કે મહોલ્લામાં અજાણ્યાઓ વચ્ચે તમને એવું લાગે છે કે કેટલાક લોકો તમારી તરફ તાકીને જોયા કરે છે અથવા તમારા પર હસી રહ્યા છે? હા... ના...

09. અજાણ્યા દેશમાં જવા માટેની ટીકીટ તમને ઈનામ તરીકે મળે તો તમને ત્યાં એકલા જવાનો ડર લાગશે? હા... ના...

10. તમને લાગે છે કે તમને ગમતા લોકો સાથે સ્નેહપૂર્ણ સંબંધ રાખી શકો છો? હા... ના...

11. તમને ઘણી વખત અણગમતાં સ્વપ્ન આવે છે? હા... ના...

12. જ્યારે સમસ્યા ઉદ્ભવે ત્યારે ઘણું ખરું તમે જાતે જ તેનો ઉકેલ લાવો છો? હા... ના...

13. તમારી પાસે કટોકટીની પળે કામ લાગે તે માટે પૈસા બચાવેલા રાખ્યા છે? હા... ના...

14. તમને લાગે છે કે તમારા માતા પિતાએ તમને ચાહ્યા છે? હા... ના...

15. તમે માનો છો કે દરરોજ કંઈક નવું શીખવું જોઈએ? હા... ના...

16. ખરીદેલી ખામીપૂર્ણ વસ્તુ પાછી આપી દેવાને બદલે તમે ખોટ ખાઈ લેવાનું પસંદ કરશો? હા... ના...

17. તમને એવું લાગે છે કે તમને તમારા પ્રયત્નોમાં ઘણી વખત નિષ્ફળતા મળે છે? હા... ના...

18. લોકો ઘણી વખત તમારી સલાહ માગે છે? હા... ના...

ઉત્તરો અને ગણતરી

દરેક સાચા ઉત્તર માટે પોતાને બે (૨) પોઈન્ટ આપો.

01.ના	02.ના	03.ના	04.ના
05.હા	06.ના	07.ના	08.ના
09.ના	10.હા	11.ના	12.હા
13.હા	14.હા	15.હા	16.ના
17.ના	18.હા		

તમારી ગણતરી

30-36 આત્મ વિશ્વાસ બાબતે કોઈ સમસ્યા અહીં નથી. લોકો તમારી તરફ પ્રેરણા અને

નેતૃત્વની અપેક્ષાથી જુએ છે. કદાચ કેટલાક લોકો તમને અભિમાની અથવા સત્તાવાહી સ્વભાવના માની લેશે. પરંતુ જર્મન કવિ ગેથેના શબ્દોમાં 'મનુષ્યે પોતાને સોંપાયેલાં દરેક કામ કરવા માટે પોતાની જાત માટેનો અંદાજ હંમેશાં ઉંચો જ રાખવો જોઈએ.'

20-28 આ સરાસરી રેન્જ છે. જે દર્શાવે છે કે વ્યક્તિને પોતાના આત્મવિશ્વાસમાં સબળતા પણ જણાય છે અને ક્યારેક નિર્બળતા પણ. આ કસોટી દ્વારા તમારી બીકને શોધી શકો છો. સચ્ચાઇ તપાસી શકો છો અને તમે ઈચ્છો તો એને દૂર પણ કરી શકો છો.

6-18 તમે ભીરુ વ્યક્તિ છો. પોતાને અસલામત અનુભવતા આસપાસના લોકો પાસેથી માર્ગદર્શન અને દોરવણી પ્રાપ્ત કરો છો.

0-04 આ જવલ્લે જ જોવા મળતી ગણતરી છે. પરંતુ જો તમે આ રેન્જમાં આવતા હો તો તમારે કોઈ શાણા માણસની મદદની જરૂર છે તે કદાચ મનોચિકિત્સક, તબીબ અથવા આધ્યાત્મિક ગુરુ હોઈ શકે. તમને જીવન કદાચ ભયથી ભરેલું લાગતું હશે.

ભૂમિકા

વર્તમાન સમયે યુવાનોને સૌથી વધારે આવશ્યક જો કોઈ મૂલ્ય હોય તો તે આત્મવિશ્વાસ છે. અફસોસની વાત એ છે કે આ મૂલ્યની (શોર્ટ સપ્લાય) ભારે અછત છે. કોઈ વિદ્યાર્થી એમ કહેતો હોય કે મને પરીક્ષાનો ભારે ડર લાગે છે. નાપાસ થવાના ડર લાગે છે. નાપાસ થવાના ડરથી હું સરખી તૈયારી પણ કરી શકતો નથી. આવું કહેનાર વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસનો અભાવ છે. તે જે કહી રહ્યો છે તે મનોવિજ્ઞાનની ભાષામાં સ્વયંમેવ સિદ્ધ થનારી ભવિષ્યવાણી (Self fulfilling prophecy) ઉચ્ચારી રહ્યો છે. હું નિષ્ફળ જઈશ એવી માન્યતા સાથે કંઈ પણ કરશો તો સાચા જ પડશો. નિષ્ફળ જશો જ.

અબ્રાહમ લિંકન્, મહાત્મા ગાંધી, માર્ટિન લ્યુથર કિંગ કે નેલ્સન મંડેલા દેખાવડા ન હતા પણ આત્મવિશ્વાસથી ભરપૂર હતા. હવે તો પ્લાસ્ટીક સર્જરીનો જમાનો છે. ચીબું નાક કે વિચિત્ર વળેલા હોઠ સર્જરી દ્વારા પ્રસિદ્ધ અભિનેત્રી સોફિયા લોરેન જેવા બનાવી શકાય પણ આત્મવિશ્વાસના અભાવમાં સર્જનની કમાલ કોઈ યુવતીના બાહ્ય દેખાવને જ બદલી શકે છે. નકારાત્મક વિચારો અને લાગણીથી પીડાતી આત્મવિશ્વાસ વિનાની એ છોકરી અંદરથી એટલી છિન્ન ભિન્ન રહે છે કે પોતાની બક્ષવામાં આવેલી સુંદરતાનો અહેસાસ કહી શકતી નથી અને એ કોઈને જોવી ગમતી નથી.

એવા ઉદ્યોગપતિઓ થયા જેમણે પરિસ્થિતિ અને મુશ્કેલીઓ સામે બાંયો ચડાવી સફળતાના સામ્રાજ્યો સ્થાપ્યાં. સફળ થવાશે જ એવા આત્મવિશ્વાસને કારણે એમની શક્તિઓ છલકાઈને બહાર આવતી ગઈ. ગોથું, ખાઈને પડ્યા તો બમણા જોરથી ઉભા થઈને ઉંચા ઉઠ્યા. એમનું સૂત્ર હતું, - 'The greatest success is not in never falling, but in rising every time you fall' - Vince Lombardi.

આ વિષય એટલો તો મહત્ત્વપૂર્ણ છે કે પુસ્તકના એક પાઠ તરીકે જ નહીં પરંતુ કોલેજના એક વર્ષના અભ્યાસક્રમના એક વિષય તરીકે દાખલ કરવો જોઈએ.

આત્મવિશ્વાસ ઉછીનો મળતો નથી. વેચાતો મળતો નથી. એ વારસામાં પ્રાપ્ત થતો નથી. બનાવવાનાં કારખાનાં નથી. એના ઈન્જેક્શનો

આવતાં નથી. આત્મવિશ્વાસનું બીજ આપણા મનમાં રોપવું પડે છે અને માવજતપૂર્વક એનો ઉછેર કરવો પડે જેથી એ એક તોતિંગ વૃક્ષ બની જાય. આ એક હુન્નર છે જે શીખી શકાય છે.

આત્મવિશ્વાસ ચમત્કાર સર્જી શકે

ગરીબ હબસી કન્યા. વિલ્મા રુડોલ્ફ એનું નામ. જન્મ્યાના થોડાં વર્ષોમાં ન્યુમોનિયા અને પછી સ્કાર્લેટ ફીવરનો ભોગ બની. કમનસીબીની પરાકાષ્ઠા હવે તે પોલિયોનો ભોગ બની. ડોક્ટરે કહ્યું વિલ્મા તું કદી ચાલી શકીશ નહીં અને પગ પર કાયમ માટે બ્રેકેટ પહેરવાં પડશે. વિલ્માએ ડોક્ટરની વાત સાંભળી ન સાંભળી કરી. તેણે માને કહ્યું, 'મા, મારે શ્રેષ્ઠ દોડવીર બનવું છે.' માએ કહ્યું, 'દીકરી, તારા આત્મવિશ્વાસ અને ઈશ્વરની કૃપાથી તું અવશ્ય બની શકીશ.' 1960ની ઓલિમ્પિકમાં વિલ્માએ ત્રણ ગોલ્ડ મેડલ રનીંગ ઈવેન્ટમાં મેળવ્યા - '100 મીટર દોડ, 400 મીટરની રીલે રેસ' અમેરિકાના ખેલકૂદના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ઘટના નોંધાઈ કે કોઈ એક ખેલાડી ત્રણ ગોલ્ડમેડલ મેળવી જાય અને તે પણ એક વખતની પોલિયોગ્રસ્ત છોકરી! આ અને આવી અનેક સત્ય ઘટનાત્મક જીવન કહાણી દર્શાવે છે કે આત્મવિશ્વાસ કેળવી શકાય છે અને સફળતાના શિખર સર કરી શકાય છે. આવી વિલ્માઓનું સૂત્ર હશે. 'That which does not kill you . makes you stronger .'

આત્મવિશ્વાસ શું છે?

આત્મવિશ્વાસ એટલે પોતાની ક્ષમતા, ગુણો અને નિર્ણયોમાં વિશ્વાસનું હોવું.

આત્મવિશ્વાસી પોતાના જીવનમાં આવતા ઉતાર કે ચડાવમાં વિચલિત થતો નથી. તેના જીવનની લય બનેલી રહે છે.

આત્મવિશ્વાસ ધરાવનાર પોતાના આંતરિક સ્વરૂપથી પરિચિત હોય છે અને પોતાની યોગ્યતા તેમ વિશેષતાનું મૂલ્ય જાણે છે, તે બાબતે બીજા લોકોના સમર્થનની તે આવશ્યકતા સમજતો નથી.

આત્મવિશ્વાસથી ભરપૂર લોકો ખૂબ ઉંડાણપૂર્વક પોતાનું મૂલ્યાંકન કરે છે પોતાની શક્તિઓ અને નબળાઈઓને તેઓ પારખે છે.

તેઓ ડરપોક નથી હોતા અને પોતાની ખામીઓને તેઓ છુપાવવાનો પ્રયત્ન નથી કરતા.

આત્મવિશ્વાસ ધરાવતા લોકો પ્રમાણિક હૃદયના માલિક હોય છે. પોતાના વિચાર કે માન્યતા પ્રગટ કરવાનું તેમનામાં સાહસ હોય છે.

તેમના બોલ, વિચાર તેમ જ વ્યવહાર દ્વારા તેમની આંતરિક ખુશી પ્રગટ થતી હોય છે. તેમના ચહેરા પર પ્રસન્નતાની આભા છવાયેલી હોય છે.

જીવનના પડકારોનો સામનો કરતી વખતે તેમનો આત્મવિશ્વાસ જ મદદરૂપ થઈ તેમને વિજય અપાવે છે.

આત્મવિશ્વાસ વિનાનો માણસ

આત્મવિશ્વાસ વિનાનો માણસ એવો માણસ છે કે જેણે શત્રુના સૈન્યમાં પોતાનું નામ નોંધાવ્યું છે અને પછી શસ્ત્રો પોતાની સામે તાકીને આવીને ઉભો રહે છે. પોતાની નિષ્ફળતાની ઝાંખી સૌ પ્રથમ પોતાને જ થઈ ગઈ હોવાથી તેને સુનિશ્ચિત બનાવી દે છે. બીજા શબ્દોમાં - આત્મવિશ્વાસ વિનાનો માણસ પોતે જ પોતાનો દુશ્મન છે.

જેનામાં આત્મવિશ્વાસનો અભાવ છે તે પોતાના જીવનમાં પોતાની ક્ષમતા કે લાયકાત કરતાં ઓછું પ્રાપ્ત કરે છે. તેઓ ઓછું પ્રાપ્ત કરે છે. તેઓ ઓછા સાહસિક હોય છે. ચિંતા, ભૂખમાં ગડબડ, માનસિક સ્વાસ્થ્યની ખામી વગેરે તણાવ સાથે સંકળાયેલી સમસ્યાઓનો સહેલાઈથી

શિકાર બની જાય છે.

પરિવાર છિન્નભિન્ન થવું, બેકારી, સંબંધો વણસી જવા, ગરીબાઈ, જીવનમાં લક્ષ્યહીનતા, નસીલા પદાર્થોનું સેવન તથા ગુનાખોરી આ બધી આત્મગૌરવના અભાવથી સર્જાતી સમસ્યાઓ છે.

ખુશી અને સાર્થકતાભર્યા જીવન માટે આત્મવિશ્વાસ નિર્ણાયક પરિબળ છે. સફળતા, તે પછી કાર્યસ્થળની હોય કે પારિવારિક જીવનની હોય, સંબંધોની હોય કે નિરાંતના સમયની પ્રવૃત્તિની હોય - સફળતા માત્ર આત્મવિશ્વાસથી સકારાત્મક રીતે પ્રભાવિત થાય છે. તમે જીવનમાં જે કાંઈ કરો તે તમામ કામગીરી (Performance) પર આત્મવિશ્વાસનો પ્રભાવ પડે જ છે. આત્મવિશ્વાસ સૌથી મોટી સંપત્તિ છે. નબળી આત્મ છબીની પૂર્તિ વિપુલ સમૃદ્ધિ કે ખ્યાતિ કરી શકતાં નથી.. 'Self esteem isn't every thing, it's just that there's nothing without it'. - Gloria steinem.

આત્મવિશ્વાસ વધારવા માટે કરવામાં આવેલું રોકાણ, જીંદગીભર કરેલાં બીજાં રોકાણો કરતાં વધારે કીમતી છે.

આત્મવિશ્વાસને પ્રભાવિત કરતા કારકો / ઘટકોમાં રહેલી દોષપાત્ર બાબતોને શોધી કાઢી દૂર કરી તેની જગ્યાએ યોગ્ય બાબતોને સ્થાન આપવું એ એક કળા છે.

પ્રકરણની શરૂઆતમાં આપેલી કસોટીમાં તમને મળેલા માર્ક પર છ મીંડા ચડાવી દઈ આત્મવિશ્વાસના મિલિયોનેર બની જાવ.

આત્મવિશ્વાસના કુબેર ભંડારી બનવા માટે નીચે દર્શાવેલાં પગલાં ભરવા માંડો.

01. સમારંભમાં આગળની ખુરશી પર બેસો. જાતને સંતાડવા કોશિષ ન કરો.

02. દરેક વ્યક્તિ સાથે વાત કરતાં આંખો દ્વારા સંપર્ક (eye contact) કરતાં રહો.

03. પોતાને પરિપૂર્ણ સમજી બેસવાની ભૂલ ન કરો. અન્યથા જીવનમાં લાગતી ઠોકરો, થતી ભૂલો સહન નહીં કરી શકશો. સ્વયંની છબી મેલી થઈ જશે.

04. નિષ્ફળતાના ડરે નિર્ણય જ ન કરવો. અને નિર્ણય લીધા પછી તેનો અમલ જ ન કરવો એ સફળતાને અને આત્મવિશ્વાસને જાકારો આપવા બરાબર છે.

05. જીવનના મૂલ્યોને ઓળખો, જીવનમાં ધારણ કરો અને આત્મવિશ્વાસના સ્વામી બનો.

06. નાની સરખી પણ સફળતા મળે તો સ્વયંની (મનમાં) પ્રશંસા કરો. પોતાને બિરદાવો.

07. શારીરિક સ્વાસ્થ્ય જાળવો. શરીરનો પ્રભાવ મન પર અવશ્ય પડે છે.

08. આત્મવિશ્વાસથી ભરપૂર છો એમ સમજી વિચારો, બોલો અને વર્તન કરો. Assume a virtue if you have it not - William Shakeshpera.

09. પ્રસંગોચિત્ત વસ્ત્રો અલબત્ત આત્મવિશ્વાસ વધારવામાં કંઈક અંશે ઉપયોગી છે.

10. સ્વયંને ઉંડાણપૂર્વક સમજાવો. (Convince) કે જીવનમાં નિષ્ફળતા જેવું કશું જ નથી. દરેક દેખીતી નિષ્ફળતા જેવું કશું જ નથી. દરેક દેખીતી નિષ્ફળતા સફળતા તરફ લઈ જતું એક ડગલું જ છે.

11. નિત્ય નવું શીખતા રહો. Lerning is a life time business. એનાથી અનુભવ અને આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે.

12. એકાદ બાબતમાં પ્રભુત્વ મેળવો. બધા જ

(અનુસંધાન પેજ નં. 13 પર)

જ્ઞાનનું ત્રીજું નેત્ર મળી ગયું

બ્ર.કુ. પ્રો. હેમંત પરીખ, મણિનગર, અમદાવાદ.

મનોજ - હાય ગૌરવ, આજનો શું પ્રોગ્રામ છે?

ગૌરવ - ૐ શાંતિ મનોજ. આજે તો એક સ્પેશ્યલ પ્રોગ્રામ એટેન્ કરવાનો છે.

મનોજ - સ્પેશ્યલ પ્રોગ્રામ ? એ વિશે વધુ માહિતી આપીશ?

ગૌરવ - આજે પર્સનાલીટી ડેવલપમેન્ટ વર્કશોપમાં ભાગ લેવાનો છું. જેમાં વિદ્યાર્થીઓમાં શિસ્ત, નિર્ભયતા, વક્તૃત્વકળા, નિર્ણયશક્તિ, આત્મ-વિશ્વાસ કેવી રીતે આવી શકે તે શીખવા મળશે.

મનોજ - શું તારી કોલેજ દ્વારા આ વર્કશોપનું આયોજન થયું છે?

ગૌરવ - આ વર્કશોપ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનની યુથ વીંગ દ્વારા રાખવામાં આવ્યો છે. જેમાં હું મારી કોલેજનું પ્રતિનિધિત્વ કરીશ.

મનોજ - આ તો ધાર્મિક સંસ્થા છે ને? શું તેમાં આપણાથી જવાય? મારો ભાઈ કહેતો હતો કે આ તો બહેનોની સંસ્થા છે.

ગૌરવ - રાજયોગિની બહેનો દ્વારા સંચાલિત આ એક વિશ્વસ્તરની આધ્યાત્મિક જ્ઞાન આપતી શૈક્ષણિક સંસ્થા છે. આ સંસ્થામાં નાના-મોટા, ગરીબ-તવંગર, ભાઈઓ-બહેનો, સર્વધર્મના લોકો જઈ શકે છે.

મનોજ - ગયા મહિને વેકેશનમાં અમે માઉન્ટ આબુ ગયા હતા. ત્યાં આ સંસ્થાનો મોટો હોલ - ૐ શાંતિ ભવન જોવા ગયા હતા.

ગૌરવ - આ સંસ્થાનાં સમગ્ર વિશ્વના **140 દેશોમાં** સેવાકેન્દ્રો આવેલા છે. ભારતમાં **6500** થી વધુ સેવાકેન્દ્રો છે, જેનું આંતરરાષ્ટ્રીય મુખ્યાલય માઉન્ટ આબુ ખાતે આવેલ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ સાથે પણ આ સંસ્થા નોન ગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન તરીકે સંકળાયેલ છે. લગભગ 6 લાખ વ્યક્તિઓ આ સંસ્થામાં નિયમિત મેટીડેશન શીખવા આવે છે.

મનોજ - બાળકો માટે આ સંસ્થા શું પ્રવૃત્તિ ચલાવે છે?

ગૌરવ - વેકેશન દરમિયાન બ્રહ્માકુમારી સંસ્થાના સેવાકેન્દ્રો દ્વારા ખાસ બાળકો માટે વ્યક્તિત્વ વિકાસ, અભ્યાસમાં એકાગ્રતા, ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવાની યુક્તિઓ વગેરે અંગે ટ્રેનિંગ ક્લાસનું આયોજન થાય છે તથા વર્ષમાં એક વાર સમગ્ર ભારતમાંથી બાળકોને નિમંત્રણ આપી આબુ ખાતે બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર રાખવામાં આવે છે જેમાં વિવિધ સ્પર્ધાઓ પણ આયોજિત થાય છે.

મનોજ - ગૃહસ્થીઓ માટે બ્રહ્માકુમારી સંસ્થામાં જવાથી ક્યા ફાયદા થાય છે?

ગૌરવ - બ્રહ્માકુમારી સંસ્થાના નજીકના સેવાકેન્દ્રમાં પ્રતિદિન પ્રાત: 6 થી 7.30 જઈને રાજયોગ તથા આધ્યાત્મિક જ્ઞાન મેળવવાથી ગૃહસ્થ જીવનમાં સુખ-શાંતિ-સંતુષ્ટતાનો અનુભવ કરી શકાય છે. રાજયોગના અભ્યાસ દ્વારા વ્યસન મુક્ત બની શકાય છે. પરમાત્મા શિવ બ્રાહ્મણ બાળકોને કહે છે - 'ફોલો ફાધર' ગૃહ-ગૃહસ્થમાં રહી, કમલપુષ્પવત્ જીવન બનાવી, ટ્રસ્ટી થઈને રહો, તો 'ઈફેક્ટ'થી બચી શકશો.

બીજું પરિબળ છે - 'ડિફેક્ટ' અર્થાત્ ખામી-

ઊણપ, માનવના પોતાના સંસ્કારો કે જે દિવ્યતા પ્રતિની ગતિને અવરોધે છે, તે ખામી - આત્મામાં રહેલા આ સંસ્કારો, અનુકૂળ સંજોગ ઉપસ્થિત થતાં, પ્રવૃત્ત થઈ, રાહ વચ્ચેનો પથ્થર બની રહે છે - આવા સંચિત પરમાત્મ ઈલાજનું બીજું પરિબળ.

સુષુપ્ત સંસ્કારોને જાગૃત બનાવી પ્રવૃત્ત થતા અટકાવવા માટેનું સાધન છે. - અનુકૂળ સંજોગો જ આ સંસ્કારોને પ્રાપ્ત ન થાય, તે જોવું, સાથે આત્માને એવા અનુભવો પૂરા પાડવા કે તે દિવ્યતાને પામી રહે, સુષુપ્ત સંસ્કારોને જાગૃત થવાનો મોકો જ ન મળે, આને કહીશું કાર્ય માટે પ્રવૃત્ત થનાર સંસ્કારોનું પરિવર્તન.

આવું પરિવર્તન શક્ય બનાવવા વ્યર્થથી મુક્ત થવાનો સરળ, ઈલાજ શ્રીમત રૂપે સૂચવાયો છે. આ ઈલાજમાં કહેવાયું છે - 'વ્યર્થ ન બોલો, વ્યર્થ ન સાંભળો, વ્યર્થ ના દેખો, વ્યર્થ ના વિચારો અને વ્યર્થ ના કરો.' સુષુપ્ત સંસ્કારોને જાગૃત કરી, તમારા માર્ગમાં રૂકાવત કરે તેવા સર્વ અનુભવો તે વ્યર્થ અનુભવો છે અને આવા વ્યર્થ અનુભવોથી કર્મેન્દ્રિયો તથા મન-બુદ્ધિને દૂર રાખવા સૂચવાયેલ છે. વ્યર્થ અનુભવોથી દૂર રહી મનને સમર્થ બાપ, સમર્થ દાદા અને સમર્થ શ્રીમત સાથે જોડી સમર્થ અનુભવો પૂરા પાડતા, સુસંસ્કારોનું ગઠન થશે અને તે સંસ્કારોના આધારે થતું કાર્ય પણ દિવ્ય બનશે. દિવ્યતા પ્રાપ્તિના રાહે અવરોધક વ્યર્થ અનુભવોથી આત્માને દૂર રાખતાં આત્મા પાવન આપ મેળે બનશે. આ ઈલાજ અંગે પરમાત્માએ અન્ય રીતે પણ સૂચવ્યું છે. તે સૂચન છે, 'પવિત્ર બનો, યોગી બનો' પવિત્રતા અને સમર્થ બાપ સાથેનું જોડાણ જ તમને દિવ્યતા - સંપૂર્ણતા પ્રતિ દોરી જશે. આ છે 'ડિફેક્ટ'થી બચતા રહેવાની પ્રક્રિયા -

ઘરગૃહસ્થમાં રહી, વ્યવસાયિક પ્રવૃત્તિમાં સતત કાર્યશીલ રહેનાર દાદા લેખરાજ મરજીવા જન્મ પામી બ્રહ્માબાબા બન્યા. પરિવાર પ્રતિ મમતા, વ્યવસાય પ્રતિ પ્રાપ્તિના અને વ્યવસાયના કારણે રાજા-મહારાજાઓ સાથે સંબંધોના એવા તમામ પૂર્વજન્મના સંસ્કારો ત્યાગી, બ્રહ્માબાબા ન્યારાપનના સંસ્કારો ધારણ કરી, સાદગીને વરી, હદની મોટાઈના સંસ્કારોને છોડી, પરિવારના જે સાથે થયાં, તેને સાથે રાખી, પોતાનો બુદ્ધિયોગ કેવળ એક શિવબાબા સાથે જ જોડી, પોતાને સુપ્રત થયેલ ઈશ્વરીય કાર્યને આગળ વધાવી, શ્રીમત અનુસાર પોતાના જીવનને પણ દિવ્ય સંપૂર્ણ બનાવવાના પંથે ચાલી નીકળ્યા અને અંતે સંપૂર્ણત્વને પામી, સોળે કલાએ સંપૂર્ણ બની, અવ્યક્ત અવસ્થાને પ્રાપ્ત કરી, અમો બાળકો માટે, શિવબાબાએ તૈયાર કરેલ એક ઉદાહરણીય જીવન સ્વરૂપે પ્રત્યક્ષ થયા, આવી જ શિવબાબા પોતાની વાણીઓમાં 'ફોલો ફાધર'નું માર્ગદર્શન આપી, આપણ સૌને બ્રહ્માબાપના રાહે ચાલવા જણાવે છે. તો આપણે સૌ, આ અલૌકિક બાપના રાહે ચાલો, સંપૂર્ણતાને પ્રાપ્ત કરી, પારલૌકિક બાપની મુરાદોને સફળ કરી રહીએ એ જ શુભભાવના.....

॥ ઓમશાંતિ ॥

- **જે વાત બની ગઈ છે તેને ભૂલી જવાને બદલે જે વ્યક્તિ વ્યર્થ સંકલ્પો ચલાવે છે. એનો અર્થ એ કે તે જીવતાં જ બળી મરવા માટે લાકડાં ભેગા કરે છે. આથી જે ગઈ ગુજરી છે તેનો વિચાર ન કરતાં સાક્ષીવત જોયા કરવું અને પોતાનો પુરુષાર્થ ચાલુ રાખવો. આનો જ અર્થ એ કે નિ:સંકલ્પતાનો ગુણ ધારણ કરવો.**

ક્ષમા વીરસ્ય ભૂષણમ્

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

વ્યક્તિ હંમેશા સુખમય જીવનનું સ્વપ્ન જોતી હોય છે. પરંતુ સામાન્યતઃ વીતેલા સમયની અપમાનજનક કડવી વાતો તેનું સુકૂન અને ચૈન છીનવી લે છે. ભૂતકાળની કષ્ટદાયી વાતો કાંટો બની દિલને દુભાવતી રહે છે. બનેલી ઘટનાઓનું ચિંતન મનને અશાંત કરે છે. નિંદા - નુકશાન કરવાવાળા પ્રતિ બદલો લેવાની ભાવનાથી મન બેચેન રહે છે. પરંતુ બદલો લેવો કોઈ યોગ્ય સમાધાન નથી. મનને પીડા આપવા વાળી વાતોથી છૂટકારો મેળવવાનો એક માત્ર ઉપાય છે - માફી. ક્ષમા કમજોરી નથી - પરંતુ બહાદૂરી છે. શક્તિશાળી વ્યક્તિની પહચાન છે. કોઈને માફ કરી દેવું એજ સાચી વીરતા - વિજય છે. માફી આપવાને બદલે શત્રુતાનો ભાવ રાખવાથી લાભ ક્યારેય નહીં, નુકસાન જ નુકસાન છે. આથી, મોટું દિલ અને ઉદાર હૃદયથી અપરાધીને માફ કરી દઈએ વીતેલી વાતો ભૂલી જઈએ. માફ કરી દેવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે. હૃદય શીતળતાનો અનુભવ કરે છે.

ક્ષમા એટલે અપરાધીના અપરાધોને અપકારીના અપકારોને, નિંદક દ્વારા કહેવામાં આવેલા કડવા વચનોને અથવા ગ્લાનિને હૃદયમાં, ચિત્ત પર રાખવાને બદલે સહજતાથી ભૂલી જવું નુકસાન કરનાર અથવા મન-વાણી-કર્મથી દુઃખ અથવા પીડા આપનાર પ્રતિ બદલો લેવાની ભાવનાનો ત્યાગ કરી, સ્વયંને બદલવાનો સંકલ્પ ધારણ કરવો, એ જ સાચી ક્ષમા છે. પાપીના પાપ, દૂરાચારીનો દુર્વ્યવહાર, શત્રુતાનો ભાવ ધારણ કરનાર અને મલિન, નિકૃષ્ટ હરકતોને ન જોતા એમના પર નિરંતર સ્નેહ અને દુવાઓની વર્ષા કરવી એ જ ક્ષમા છે. વારંવાર આપણને નીચા બતાવનાર, હંમેશા અનિષ્ટ કરનાર અથવા તો કોઈ પણ પ્રકારથી હાનિ પહોંચાડવાવાળા પ્રતિ શ્રેષ્ઠ-શુભ ચિંતન કરવું ક્ષમા છે. દુષ્ટ કર્તવ્યથી સતત સતાવનાર પ્રતિ હંમેશા ઉંચા ઉઠાવવાની કલ્યાણની ઉદાત ભાવના રાખવી એ પણ ક્ષમા છે.

ક્ષમાનું મહત્ત્વ, મહાનતા અથવા મર્મ બતાવવી આ એક માર્મિક બોધપ્રદ કહાની છે. મહાન તપસ્વી ઋષિ વિશ્વામિત્ર સ્વભાવથી અતિ ક્રોધી હતા. વાસ્તવમાં એમને પોતાની તપસ્યાનો ગુપ્ત અહંકાર હતો. એક વખત તેઓ ઋષિ વશિષ્ઠ પાસે મળવા ગયા. ઋષિ વશિષ્ઠે રાજઋષિ કહીને એમનું સ્વાગત કર્યું, વિશ્વામિત્રે વિચાર્યું કે મને બ્રહ્મર્ષિ ના કહ્યું વશિષ્ઠે મારુ ઘોર અપમાન કર્યું છે. તેઓ રાત દિવસ આ અપમાનનો બદલો લેવાનું વિચારવા લાગ્યા. એક દિવસ આ અપમાનનો બદલો લેવાનું વિચારવા લાગ્યા. એક દિવસ અવસરનો લાભ ઉઠાવી વિશ્વામિત્રે વશિષ્ઠના બધા પુત્રોનો વધ કરી દીધો. પરંતુ વશિષ્ઠજી ખૂબ જ શાંત રહ્યાં. એમના મનમાં વિશ્વામિત્રના આ કૃત્ય પર જરા પણ ક્રોધ આવ્યો નહિ. બદલો લેવાની દુર્ભાવનાનો ત્યાગ કરી એમણે મોટું દિલ રાખી વિશ્વામિત્રને માફ કર્યા. આ ઘટનાને થોડા દિવસ થયા હતા, પરંતુ વિશ્વામિત્રના મનમાં બદલો લેવાની આગ હજુ પણ બુઝાઈ ન હતી. એક રાત બદલો લેવાની ભાવનાથી વશિષ્ઠજીનો વધ કરવા માટે કુટિયાની પાછળ ઝાડીઓમાં છુપાઈને બેઠા હતા. ચાંદની રાતમાં વશિષ્ઠજી ધર્મપત્નીની સાથે પ્રભુચિંતન કરી રહ્યા હતા. ચાંદની ઉજ્જવલ રોશનીને જોઈને

ઋષિપત્નીએ કહ્યું ‘પ્રિયવર આજ પૂનમનાં ચાંદની રોશની કેટલી ખૂબ જ સફેદ અને પ્રકાશિત લાગી રહી છે.’ જવાબમાં ઋષિ વશિષ્ઠ બોલ્યા, ‘હાઁ દેવી, જેવું વિશ્વામિત્રના તપનું તેજ.’ જેવું ઋષિ વશિષ્ઠના મુખેથી સ્વયંની મહિમા સાંભળી તો એમને આશ્ચર્યનો પાર ના રહ્યો. મનમાં ને મનમાં તેઓ વિચારવા લાગ્યા કે જેના પ્રતિ મેં ક્રોધિત થઈને આટલો જઘન્ય અપરાધ કર્યો, છતા પણ મારી પ્રશંસા કરી રહ્યા છે. સાચે જ વશિષ્ઠજી મહાન આત્મા છો. આવો શુદ્ધ વિચાર મનમાં આવતા જ અપરાધનો બોધ થતા જ દોડીને વશિષ્ઠજીના ચરણોમાં પડ્યા. વિશ્વામિત્રને ઉઠાવીને ગળે લગાડતા વશિષ્ઠ બોલ્યા, ‘ઉઠો બ્રહ્મઋષિ ઉઠો’ દુઃખી થઈને વિશ્વામિત્ર બોલ્યા, ‘ઋષિવર જો પહેલા જ બ્રહ્મઋષિ કહ્યું હોય તો હું આવો જઘન્ય અપરાધ શું કામ કરું? આ વાત પર શાંત ભાવથી વશિષ્ઠ બોલ્યા, ‘ઋષિવર પહેલા આપની અંદર ક્રોધની ભાવના હતી, પરંતુ આપની અંદર હવે ક્ષમાની શક્તિનો ચમત્કાર જોયો, જેથી આજે આપ ક્ષમાને કારણે જ બ્રહ્મઋષિ બની ગયા. સાચે જ ક્ષમાની શક્તિ મહાન છે જે માનવને મહામાનવ બનાવી દે છે.

સાચે જ ક્ષમા માનવને દેવત્વ સુધી પહોંચાડનાર સીડી છે. ક્ષમા દેવતાઓની મહિમા અથવા ગરિમા માં ચાર ચાંદ લગાવનાર દેવલોકનું અલૌકિક દિવ્ય સૌંદર્ય છે. ક્ષમા તપસ્વીઓનું પરમ તેજ, મહાન આત્માઓનું આભૂષણ અને ધરતી પર માનવનું સૌથી શ્રેષ્ઠ સર્વોચ્ચ અલંકાર છે. ક્ષમા અગ્નિ માફક હૃદય અને ઈર્ષા, નફરત, ઘૃણા, દ્વેષની આગમાં જલતા હૃદયને માટે અમૃતની ઠંડી ધારા છે. ક્રોધની ભીષણ અગ્નિ અને સંતાપની ધધકતી જ્વાળા કેવલ ક્ષમાના શીતલ જળથી જ બુઝાઈ શકે છે. ક્ષમા કાયરતા નહીં, પરંતુ માનવ સભ્યતાની ઉચ્ચ કોટિની મહાનતા છે. જેને ધારણ કરવાથી માફ ન કરી શકાય એવા અપરાધોને માફ કરી માનવ પ્રભુ પુત્ર હોવાનું ગૌરવ મેળવી શકે છે. પતિત, પદદલિત, ગરીબ - દુઃખીઓને માટે પરમપિતા પરમાત્માની ક્ષમા દૃષ્ટિ શીતલ છાયા છે. ક્ષમા વીરપુરુષનું શક્તિશાળી શસ્ત્ર અને સાધારણ વ્યક્તિ માટે ક્ષમા આત્મશાંતિનો અદ્દ્ભુત મૂળ મંત્ર છે. જીવન નાટકમાં શ્રેષ્ઠ ભૂમિકા અદા કરનાર નાયકને સફળતાનું સોપાન અપાવનાર ક્ષમા એક કળા પણ છે. ક્ષમા જીવનનો પ્રાણ છે, માનવતાનો શ્વાસ છે, મૂલ્યનિષ્ઠ દૈવી સ્વર્ણિમ સંસ્કૃતિ માટે આધાર સ્તંભ ક્ષમા છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 25નું અનુસંધાન)... સ્વ ઉન્નતિમાં

‘સચ્ચે દિલ પર સાહિબ (પરમાત્મા) રાજી.’ જે સાચો છે તે બહાનાં કાઢતો નથી. માનવ જેવો છે તેવો તે પોતાને અભિવ્યક્ત કરે છે. કોઈ કાર્ય યા સેવા વખતે બહાનાં કાઢવાથી સ્વયંને નુકસાન થાય છે. આવા લોકો શારીરિક અને માનસિક રીતે બીમાર પડે છે. બહાનાબાજીને કારણે, આળસને કારણે જેઓ બીમાર પડે છે તેમને અન્યની દુઆઓ મળતી નથી. કેટલાક લોકોના મનમાં એ પ્રશ્નો ઉઠે છે કે જે લોકો યોગી છે, તપસ્વી છે, સાચા સાધક છે, સાચા સેવાધારી છે, ઘણા સારા છે એમને પણ કર્મોનો હિસાબ કિતાબ ચુક્તે કરવો પડે છે. પરંતુ જેઓએ સાચા દિલથી સેવા, તપસ્યા કરી, પોતાની ધારણાઓથી સર્વને સંતુષ્ટ કર્યા છે, જીવનમાં કોઈ બહાનાં કાઢ્યાં નથી એમને પરમાત્મા આત્મિક રૂપમાં સુખ આપે છે અને તેઓ દુવાઓ અને આશીર્વાદ મેળવે છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

અજ્ઞાનને પણ જાણો

માનવ ભણે છે, જાણે છે અને કેટલાક લોકો માની પણ લે છે. પરંતુ કોઈ પણ વ્યક્તિ આ દુનિયામાં એવી નહીં મળે, જે કહી શકે કે હું સર્વકાંઈ જાણું છું. જે જાણે છે તે કેટલું જાણે છે? જો આપણે જ્ઞાત અને અજ્ઞાતની તુલના કરીએ તો અજ્ઞાન એક મહાસમુદ્ર છે અને એમાં જે જ્ઞાન છે, તે એક નાનકડા ટાપુથી વધારે કંઈ નથી. માત્ર એક નાનકડો દ્વીપ છે. અજ્ઞાત ઘણું વધારે છે.

એક અનુશ્રુતિ છે, તે ઘણી જ માર્મિક છે. એમ કહેવાય છે કે યૂનાનની રાજધાની એથેન્સમાં એક દિવસ દેવવાણી થઈ કે સોક્રેટીસ સૌથી મોટા જ્ઞાની છે. જે લોકો સોક્રેટીસના પ્રશંસક હતા તેઓ દોડીને સોક્રેટીસની પાસે પહોંચ્યા અને એમને જણાવ્યું કે આકાશવાણી થઈ છે કે આપ સૌથી મોટા જ્ઞાની છો. સોક્રેટીસે કહ્યું કે આ બિલકુલ ખોટી વાત છે. તમે લોકોએ આકાશવાણી સારી રીતે સાંભળી નહીં હોય. હું સૌથી મોટો જ્ઞાની નથી. હું તો પોતાને અજ્ઞાની માનું છું.

લોકો પાછા ગયા અને દેવીને પૂછ્યું કે આપે કહ્યું હતું કે સોક્રેટીસ બહુ મોટા જ્ઞાની છે. જ્યારે અમે લોકોએ આ વાત એમને કહી તો તેએ કહે છે કે આ વાત જૂઠી છે. હું સૌથી મોટો જ્ઞાની નથી, અજ્ઞાની છું. હવે આપ જણાવો કે સચ્ચાઈ શામાં છે? દેવીએ કહ્યું, જે પોતાના અજ્ઞાનને જાણે છે તે જ જ્ઞાની હોય છે. જે જ્ઞાનનો અહંકાર કરે છે. તે કદી જ્ઞાની હોઈ શકે નહીં. દરેક વ્યક્તિ અનુભવ કરી, પોતાના અજ્ઞાનને જુએ કે હું અત્યારે કેટલું ઓછું જાણું છું. ઘણું બધું જાણવાનું છે. કેટલાક લોકો ભણી ગણીને અહંકારી બની જાય છે, આ પ્રવૃત્તિ બરાબર નથી.

નાસ્તિકની દિશા બદલાઈ ગઈ

બે મિત્રો હતા. એક બહુ ધાર્મિક પ્રવૃત્તિનો હતો અને સદૈવ પ્રભુ ચિંતનમાં વ્યસ્ત રહેતો હતો. પરંતુ બીજો ઘોર નાસ્તિક હતો. તે કદી મંદિર જતો નહોતો કે ઘરમાં પૂજા પાઠ પણ કરતો નહોતો. એને દાનપુણ્યમાં કોઈ વિશ્વાસ નહોતો. એણે પોતાના જીવનમાં એક માત્ર લક્ષ્ય વધારેમાં વધારે ધન એકઠું કરવાનું રાખ્યું હતું. તે દિવસ રાત પૈસા કમાવવામાં જ વ્યસ્ત રહેતો અને ભૌતિક સુખ સગવડોથી તેણે પોતાનું જીવન ઐશ્વર્ય તથા ભોગવિલાસના પર્યાયસમું બનાવી દીધું હતું. પરંતુ સુખ અને સંતોષ એના જીવનમાં નહોતાં. એનાથી વિપરીત એનો આસ્તિક મિત્ર પોતાની નિર્ધનતામાં જ પરમસુખી હતો. તે ઓછાં સાધનોમાં પણ સંતુષ્ટ રહેતો અને હંમેશાં ઈશ્વરની ભક્તિમાં મગ્ન રહેતો. એક દિવસ નાસ્તિક મિત્ર એના ઘેર મળવા આવ્યો અને એનું સાધારણ ઘર જોઈને બોલ્યો. તમારા ત્યાગની પ્રશંસા જેટલી કરીએ તેટલી ઓછી છે. તમે તો ભગવાનની ભક્તિમાં સમગ્ર દુનિયા છોડી દીધી. છતાં પણ ખુશ કઈ રીતે રહો છો? આ સાંભળીને તે બોલ્યો - મિત્ર ! હું મારી નિર્ધનતામાં પણ ઘણો પ્રસન્ન અને સંતુષ્ટ છું. પરંતુ ત્યાગ તો તમારો મારાથી પણ ઘણો મોટો છે કારણ કે તમે તો દુનિયા માટે ઈશ્વરને જ છોડી દીધા છે. તમે કહો પ્રસન્ન તો છો ને? પોતાના મિત્રની વાત સાંભળીને નાસ્તિકને ગહન ઝટકો લાગ્યો અને એને પોતાના અસંતોષનું કારણ પણ સમજાઈ ગયું. એ દિવસથી એના જીવનની દિશા બદલાઈ ગઈ. અને હૃદય ઈશ્વર તરફ વળ્યું.

કથાનો સાર એ છે કે ઈશ્વર જે પરમ સત્તા છે. જેને અનુકૂળ અને પ્રતિકૂળ બંને જ સ્થિતિઓમાં

યાદ કરવા જોઈએ. એમની કૃપાથી સદૈવ કલ્યાણ જ થાય છે.

તકની ઓળખ

બે યાત્રી પગપાળા યાત્રા કરી રહ્યા હતા. એમનું લક્ષ્ય ધન અને સફળતા મેળવવાનું હતું એમને એક વરદાન મળ્યું હતું. કે આ યાત્રામાં એમને અસીમિત ધન મળી શકે છે. તેની શરત એ છે કે તે દરેક કામ સાવધાનીપૂર્વક કરે. શરત એ પણ હતી કે તેઓ કદી પોતાના સ્થાનથી એક ફૂટથી વધારે પાછળ નહીં જઈ શકે. નહીંતર તે તરત ત્યાં પડીને ઢગલો થઈ જશે. બંનેએ પોતપોતાનું ખાવાનું, પાણી વગેરે લઈ લીધું. તેઓ ચાલવા લાગ્યા. લાંબુ ચાલ્યા પછી એક પથરાવાળો રસ્તો આવ્યો. ત્યાં કેટલાંયે બોર્ડ લાગેલાં હતાં. જેના ઉપર લખ્યું હતું. જે આ પથ્થરોને ઉઠાવશે તે અંતમાં રડશે જે એને નહીં ઉઠાવે તે પણ અંતમાં રડશે. એક યાત્રીએ કહ્યું કે ઉઠાવો તો પણ રડવું પડશે નહીં ઉઠાવો તો પણ રડવું પડશે. એટલે હું તો એક નાનો કાંકરો ઉઠાવીને ખિસ્સામાં રાખી દઉં છું. બીજો બોલ્યો કે જો બંને હાલતમાં રડવાનું છે તો હું વજન શા માટે ઉઠાવું? વચ્ચે વચ્ચે સારો રસ્તો આવતો તો ક્યાંક ક્યાંક બોર્ડ જોવા મળતાં. યાત્રા મુશ્કેલ હતી પરંતુ તકલીફ લઈને ચાલ્યા તો રસ્તો સારો થઈ ગયો. થોડા આગળ ચાલ્યા તો મોટા અક્ષરોમાં લખ્યું હતું કે ‘યાત્રા સમાપ્ત’. એની નીચે નાના અક્ષરોમાં ઘણું બધું લખ્યું હતું તે આ પ્રમાણે હતું. ‘હે યાત્રી, તેં જે પથ્થર જોયા હતા તે અમૂલ્ય હીરા હતા. જો તે કેટલાક ઉઠાવી લીધા હોત તો એને વેચીને ધન અને યશ બન્ને મેળવી શકાત. યાદ રાખો તમે તક ગુમાવી દીધી. હવે તે પાછી નહીં આવે.’ જેણે એક પણ પથ્થર ઉઠાવ્યો નહોતો તે જોરથી રડવા લાગ્યો કે હે પ્રભુ, મારા કપડામાં આટલાં ખિસ્સાં, પીઠ પર એટલા થેલા હતા પરંતુ મેં એક પણ પથ્થર ઉઠાવ્યો નહીં. જે ચીજની ઈચ્છા હતી તેને ઓળખી ના શક્યો. જેને થેલાઓમાં ભરી શકતો હતો તેને ખિસ્સામાં પણ ના ભર્યો. પણ જેણે એક નાનો કાંકરો ઉઠાવ્યો હતો તે પણ નારાજ થઈ ચૂક્યો હતો કે એણે માત્ર એક જ કાંકરો શા માટે ઉઠાવ્યો. મળેલી તક ગુમાવવાથી પશ્ચાતાપ જ રહી જાય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 31નું અનુસંધાન)... બલિહારી બે

પરમાણુંનું પણ વજન થાય છે. માટે બોલ બોલતાં ખૂબ જ સાવધાની રાખવી આવશ્યક છે. કારણ કે શબ્દ પર પણ કાળનો પ્રભાવ પડે છે. શરૂઆતના શબ્દો ઘન હોય છે. પછી તે પ્રવાહી અને વાયુરૂપ થઈ ઉડી જાય છે. અથવા માયાવીરૂપ ધારણ કરે છે. માટે બોલીને ભલે બોર વેચો પણ ‘આચારઃ પ્રથમો ધર્મ’ એ શબ્દો સાર્થક બને તેનાથી સતત જાગ્રત રહેવું એ પણ એટલું જ જરૂરી છે. આજના ધર્મગ્લાનિના સમયે શાંતિ, પ્રેમ, પવિત્રતા, શક્તિ, દયા, આનંદના સાગર એવા વિશ્વકલ્યાણકારી પરમપિતા પરમાત્મા શિવ આ બધી આચાર સંહિતાને અને સમગ્ર શાસ્ત્રોના સારને બે શબ્દોમાં સમજાવે છે કે હે ! જીવાત્મા, આનો આધ્યાત્મિક મર્મ માનવીના આચરણ માટે એજ કે ‘મીઠું બોલો’, ‘ધીમે બોલો’, ‘ઓછું બોલો’. તો જ વાણીની કિંમત થશે. બોલમાં વજન પણ રહેશે. જે થકી આપણે આપણી વચ્ચે રહેલા જનસમુદાય સાથે યોગ્ય વ્યવહાર વાણી દ્વારા કરેલો કહેવાશે. ‘બલિહારી બે બોલની’ ત્યારે મહિમા યોગ્ય બને અને એજ જીવનની સાચી સેવા છે.

॥ ઓમશાંતિ ॥

દૃષ્ટિ અને વરદાની હાથે જિંદગી બદલી નાખી

બ્ર.કુ. દિલીપ, શાંતિવન, આબુરોડ

સન 1995ની દિવાળી પહેલાં સવારે ક્લાસ પછી ઓમશાંતિ ભવનમાં મંચ ઉપર દાદી પ્રકાશમણિની દૃષ્ટિ અને હાથમાં હાથ લીધો તો તન મનમાં એવી તો અલૌકિક શક્તિઓ આવી ગઈ જે આજ દિવસ સુધી નથી ભૂલી શકાઈ! એ ક્ષણ અતીન્દ્રિય સુખ. અશરીરીપણું તથા સર્વ શક્તિઓથી સંપન્ન હતી. તે દિવસથી વિશ્વાસ બેસી ગયો કે મારા હાથમાં સર્વ શક્તિવાનનો હાથ અને સાથ છે. જ્યારે પણ ક્યારેય બાપદાદાની દૃષ્ટિ મંચ ઉપર લેવાનો મોકો મળ્યો ત્યારે પણ એ જ અનુભવ ફરી થયો.. અને દર વર્ષે દાદીજી રાખડી બાંધતા હતા તો પહેલાં હાથમાં હાથ લેતા હતા એ સમયે પણ એ અનુભવ તન મનમાં રોમાંચ કરી દેતો હતો. આ મારા જીવનની મૂડી છે. દાદીજીની અલૌકિક દૃષ્ટિ માનવમાત્રને જીવનમાં સુખી અને આધ્યાત્મિક બનાવનાર હતી. દાદીજીની વિનમ્રતાનો પ્રભાવ એટલો ઊંડો હતો કે સાધુ, સંતો, સૂફીઓની દૃષ્ટિમાં પણ તે સર્વશ્રેષ્ઠ હતાં. મેં જોયું છે કે દાદીજીને સાધુ-સંતસૂફીઓ દિલથી સન્માન આપતાં હતાં.

દાદી પ્રકાશમણિજીનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને શક્તિશાળી હતું. તેમના જીવનમાં સત્યતા હતી. તેથી તેમની પાસે કોઈ ખોટું બોલી શકતું નહિ પછી તે વ્યક્તિ બહારની હોય કે યજ્ઞવત્સ હોય! તેમની હિમ્મત જ ચાલે નહિ! તેમની સામે આવતાં જ તે તેમની રુહાની દૃષ્ટિથી પ્રભાવિત થઈને પોતાને બાળક અનુભવતું હતું! તેમના મુખ કમળમાંથી ઉમંગ ઉત્સાહના બોલ નીકળતા હતા જેનાથી યજ્ઞ વત્સ તથા સેવા કેન્દ્રો પર ઉમંગ ઉત્સાહની લહેર ફેલાઈ જતી હતી. તેનું જીવતું જાગતું ઉદાહરણ જ્ઞાન સરોવર અને શાંતિવન તથા વિશ્વમાં અનેક સેવા કેન્દ્રોનું નિર્માણ કરવામાં આવ્યું. દાદીજીના પગલાં પડતાં જ ત્યાંનું વાતાવરણ શુદ્ધ, અલૌકિક બનીને શક્તિશાળી બની જતું હતું.

દાદીજી સાદાઈથી સંપન્ન હતાં. સને 1992-93માં એક વખતની વાત છે. દાદીજી નાગપુરની મધુવન તરફ જઈ રહ્યાં હતાં. વચ્ચે ભૂસાવળમાં અડધા કે એકાદ કલાકનો સમય હતો તેથી સ્ટેશન પર જ એક.. પ્લાસ્ટીકની ખુરશીમાં જ દાદીજી બેસી ગયાં! સાથે સુધા દીદી, હું અને ભૂસાવળના કેટલાક ભાઈ બહેનો સ્ટેશન પર દાદીજી આસપાસ બેસી ગયાં. કેટલાક ઉભા હતા. તે સમયે મેં દાદીજીના આગમન પર એક ગીત ગાયું. અને દાદીના કર કમળ દ્વારા પ્રસાદ લીધો, દૃષ્ટિ આપતાં દાદીજીએ કહ્યું, 'મધુવન આવજો' આ મહાવાક્ય વરદાન બની ગયું... જેને પરિણામે આજે હું છેલ્લા 18 વર્ગથી મધુવનમાં નિરંતર સેવામાં છું.

દાદીજી નિમિત્ત, નિર્માણ અને નિર્મળ હતાં. જ્યારે પણ દાદીજીને જોવાનો કે મળવાનો મોકો મળ્યો ત્યારે એવું મને જણાયેલું કે દાદીજી આવડી મોટી સંસ્થાના વડા હોવા છતાં તેમનામાં અભિમાન નહોતું. તેઓ પોતાને માત્ર નિમિત્ત સમજતાં હતાં. અને તેઓ કહેતાં કે કરનકરાવનહાર તો શિવબાબા છે. દાદીજી એવાં તો નિર્માનચિત્ત હતાં કે જ્યારે પણ દાદીજી સભામાં મંચ ઉપર આવતાં ત્યારે બધાંનું હાથ જોડીને અભિવાદન કરતાં હતાં. દાદીજીની વાણી ખૂબ જ મીઠી તથા નિર્મળ

(અનુસંધાન પેજ નં. 33 પર)

સ્વઉન્નતિમાં બાધક આળસ, અલબેલાપણું, બહાનાબાજી

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ

આજના વિજ્ઞાનના યુગમાં માનવના ચારિત્ર્યના પતનનું, ભારતની અવનતિનું કારણ પાંચ વિકારો છે. સાથે સાથે આળસ પણ છે. આળસને છઠ્ઠો વિકાર કહેવાય છે. જેને ઘણા થોડા લોકો જાણે છે. ઘણા થોડા લોકો આળસને દરેક ક્ષેત્રોની જેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આળસનો પ્રભાવ પડે છે. આળસને કારણે માનવ સ્વયંને શક્તિહીન સમજે છે. તે જે કાર્ય સમયસર કરવું જોઈએ તે કરી શકતો નથી. સમયની સાથે ચાલવું તે બુદ્ધિમાની તથા શ્રેષ્ઠ ભાગ્ય છે. સમયની સાથે ચાલવા માટે ઘણા એલર્ટ (સાવધાન) તથા જાગૃત રહેવાની જરૂર છે. જ્યાં સુધી આળસ છે, અલબેલાપણું છે ત્યાં સુધી મંઝિલ પર સમયસર પહોંચી શકાતું નથી. આ અંગે કાચબા અને સસલાની દોડનું દૃષ્ટાંત જાણીતું છે. આળસને કારણે સસલું દોડ હારી ગયું. કાચબો સાવધાનીના કારણે દોડ જીતી ગયો.

આળસનો ઉદ્‌ભવ પહેલાં મનમાં થાય છે. મનમાં વ્યર્થ અને નકારાત્મક સંકલ્પોની ઉત્પત્તિ એજ આળસ છે. આળસ, અલબેલાપણું અને બહાનાબાજી ત્રણે એક બીજાની સાથે જોડાયેલાં છે. પરોઢિયે ચાર વાગે ઉઠીને શક્તિશાળી યોગ કરીને શક્તિ સંચયનો સંકલ્પ કર્યો. ચાર વાગ્યા તો આળસ આવી કે વધારે દસ મિનિટ આરામ કરી લઉં. આમ આળસને કારણે નિશ્ચિત સમયે શક્તિશાળી યોગ થતો નથી.

પોતાની આળસને યથાર્થ ઠેરવવા માટે મન કારણો શોધે છે. થોડો તાવ હતો. ઊંઘ પૂરી થઈ નહોતી. માથામાં દર્દ હતું. મહારથીઓ પણ યોગ ચૂકી જાય છે. સંપૂર્ણ કોણ બન્યું છે. આ બહાનાં જૂઠ્ઠું બોલવાના સંસ્કારને ઉત્તેજન આપે છે.

આજના વિજ્ઞાન યુગમાં સુખ સગવડનાં સાધનોએ માનવને આળસ, અલબેલાપણાની ઊંઘમાં સૂવાડી દીધો છે. જેનાથી તેને શારીરિક અને માનસિક રીતે નુકસાન થાય છે. બાબા કહે છે, બાળકો, સાધનો તમારી સાધનાને ખતમ ના કરી દે તેનું ધ્યાન રાખજો. સાધનો જરૂરી છે પણ તેના ઉપર પણ કન્ટ્રોલીંગ પાવર જરૂરી છે. માનવે પ્રતિપળે સતર્ક રહેવું જરૂરી છે. કહેવત છે કે ભગવાન ભાગ્ય વહેંચવા આવ્યા ત્યારે તમે સૂઈ ગયા હતા. જેઓ આળસ છોડીને અમૃતવેળાનો નિયમિત રસપૂર્વક, શક્તિશાળી યોગ કરે છે તેઓ અખૂટ ખજાનાઓના માલિક બની જાય છે.

આળસ અને અલબેલાપણા ઉપર વિજય મેળવવા માટે મુખ્ય ચાર વાતો ઉપર ધ્યાન આપવું જરૂરી છે. (૧) હકારાત્મક વિચાર (૨) યોગાભ્યાસ (૩) દરરોજ મુરલી સાંભળવી (૪) પોતાના લક્ષ્યને બુદ્ધિ સમક્ષ રાખવું. આપણા જીવનમાં જો આ ચાર ધારણાઓ હશે, તો આપણે આળસનો ત્યાગ કરી શકીશું.

આજના સમયમાં માનવ બહાનાં કાઢવામાં પણ અચકાતો નથી. બહાનાં કાઢવાં એક ટેવ બની ગઈ છે. અને એમાં પોતાને ખુશ કરી દઈએ છીએ. બહાનાં કાઢવાથી કેટલું નુકસાન થાય છે તેની તેને ખબર નથી. જે બહાનાબાજી કરે છે તેઓ કદી પણ પ્રભુપ્રિય, લોકપ્રિય બની શકતા નથી. બહાનાંબાજી જૂઠ્ઠુ બોલવાની ટેવ પાડે છે. જેને જૂઠ્ઠું બોલવાની ટેવ પડી ગઈ છે તે કદી કોઈના દિલને જીતી શકતો નથી. એટલા માટે કહેવત છે

(અનુસંધાન પેજ નં. 21 પર)

ભક્તિ યોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ

બ્ર.કુ. નીલા દેસાઈ, વાસણા સેવાકેન્દ્ર, વડોદરા

ભગવાને ગીતામાં બહુ સ્પષ્ટ રીતે બતાવ્યું છે. ભક્તિયોગમાં ભક્ત અને ભગવાનનો સંબંધ પ્રેમનો છે. ભક્ત પોતાના ઈષ્ટદેવ-દેવીની સ્થાપના મૂર્તિ સ્વરૂપે કરી, તે રાત દિવસ તેમની સેવા કરવામાં ઓતપ્રોત રહે છે. મૂર્તિની સામે બેસી વાર્તાલાપ કરે છે. સુખ-દુઃખની બધી વાતો તેને કહે છે. પછી તે ઈશ્વરનું બાળસ્વરૂપ હોય માતાપિતાનું, મિત્રનું કે પછી દેવીને શક્તિસ્વરૂપને પૂજે છે ને પોતાને ધન્ય માને છે. તેમાંયે નર્યો પ્રેમ જ નીતરતો હોય છે. નવ પ્રકારની ભક્તિને નવધાભક્તિ કહે છે. ભક્તિને પ્રેમલક્ષણ ભક્તિ કહે છે.

જ્યારે જ્ઞાનયોગમાં ભક્તિ તો હોય છે. પ્રેમ પ્રભુ પ્રત્યે હોવો એ પ્રાથમિકતા છે. તે વગર તો જ્ઞાન વામણું છે. પરપંતુ માત્ર પ્રેમ જ નહીં, સાત ગુણ આત્માના જે છે, તે પણ એટલા જ જરૂરી છે. અહીં આત્માએ પરમાત્મા સાથે સંબંધ જોડવાનો છે. તેથી આત્માઓના, પરમાત્મા પિતા છે. એટલે બાપ અને સંતાનનો સંબંધ છે. અહીં આત્માની સાચી સમજ, પરમાત્માની સાચી સમજ પછી જ સંબંધ જોડાય છે. ભક્તિમાં સાકાર ભક્તો આકારી દેવી દેવતાને ભજે છે. જ્યારે અહીં નિરાકારને પામવા આપણે નિરાકારી સ્થિતિમાં સ્થિત થવાનું છે. જે થોડું કઠીન છે.

ભક્તિમાં વિસ્તાર ઘણો છે. તેમાં તમને અનુકૂળ પડે તે તમને જેમાં રુચિ હોય તે દેવી-દેવતા પસંદ કરવાની છૂટ છે. વ્રત-ઉપવાસ, જપ-હોમહવન, પૂજા-પાઠ, ભજનકીર્તન, કથા-વાર્તા, વિધિ-વિધાનો, કર્મ-કાંડ, અનુષ્ટાન, યજ્ઞ-આરતી, નૈવેદ્ય, કથાશ્રવણ, શાંતિપાઠ, વેદ-ઉપનિષદ, ગીતાપાઠ, જેવા શાસ્ત્રોનું વાંચન, કરવામાં આવે છે. આ બધું આમ તો પ્રભુ રીઝવવા માટે જ કરવામાં આવે છે. તેમની કૃપા ભૌતિક પ્રાપ્તિ માટે જ હોય છે.

જ્ઞાનયોગનો બહુ લાંબો, ચોડો વિસ્તાર નથી. તેમાં માત્ર 'સ્વ'ની ઓળખ મેળવવાની હોય છે. તે પછી પરમાત્માનો સાચો પરિચય મેળવવાનો અને ત્યાર પછી આપણે તેમની સાથે આપણો તાર જોડી લેવાનો. બસ પછી કશું જ કરવાનું નથી. આપોઆપ પરમ સત્યની તમામ શક્તિ, ગુણ, જ્ઞાન આત્મામાં ઉતરવા લાગે છે. ને જે તેમનામાં છે તે આપણામાં પણ મોજૂદ છે. માત્ર તેને ઢઢોળવાની જરૂર છે. મનની અગાધ શક્તિને જગાડી તેનો રોજિંદા જીવનમાં તે ઉપયોગ કરવાનો છે. પિતાના ગુણ જેમ બાળકોમાં હોય છે તેમ પરમાત્માના આપણે અંશ છીએ. તેથી તે ગુણ આપણામાં પડેલા જ છે. ફક્ત કોઈ શાંત જગામાં જઈ થોડી વાર તેમનું અનુસંધાન કરવા બેસી જવાનું છે.

બીજું ભક્તિ સૌથી વધારે શ્રીકૃષ્ણના બાળ-સ્વરૂપની જોવા મળે. લાલાને પોતનો પુત્ર સમજી સવારે સવારે સૌથી પ્રથમ તેને ઉઠાડવા પ્રભાતિયાં ગાઈને બહુ વહાલથી, પ્રેમથી ઉઠાડ્યા પછી તેને કેસર, ચંદનના જળથી સ્નાન કરાવે. કંકુ ચંદનનો લેપ કરી પંચામૃતથી અભિષેક કરી. પછી સ્વચ્છ જળથી નવડાવે. કંકુ અક્ષત થી તિલક કરે. નવા રેશમી વસ્ત્રો ધારણ કરાવે. મોતીયોની માળા પગમાં ઝાંઝર, મોરમુકુટ, વાંસળીનો શણગાર કરે ને લાલાને દૂધ સાકર-કેસર નાંખી કરેલું દૂધ ધરાવે. માખણ-મિશ્રી લાલાને બહુ ભાવે એ તો ખરું જ. લાડુ, મોહનથાળ, મગજ, હલવા રોજ જુદા જુદા મિષ્ટાનનો ભોગ ધરાવે. છત્રીસ પ્રકારનો

અન્ન કૂટ, આમ થાળ બહુ લાડકોડથી, પ્રેમથી મૂકે. પાણી પીવા ઝારી પણ ભરી રાખે. તેને રમવા માટે ગાય, ઘોડા, હાથી, મોર પોપટનાં રમકડાં પણ તેની પાસે મૂકે. રાતે સૂવામાં અનુકૂળ પડે માટે હળવા, સાદા, કપડાના વસ્ત્રો ધારણ કરાવે. સોના-ચાંદના હિંડોળામાં હાલરડાં ગાઈને સુવડાવે. તેથી અષાઢ-શ્રાવણમાં જન્માષ્ટમી દરમિયાન દરેક કૃષ્ણ મંદિરોમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાય છે.

જ્ઞાન-યોગમાં પરમાત્મા સ્વયં પોતાના બાળકોને અમૃતવેલા બ્રહ્મમૂર્હુતમાં જગાડવા માટે આવે છે. અમૃતવેળા દરમિયાન જુદા જુદા સાગર જળથી સ્નાન કરાવે. પ્રેમનો સાગર, શાંતિનો સાગર, શક્તિનો સાગર ત્યારે માથે હાથ મૂકી મસ્તકે આત્માની સ્મૃતિ કરાવે. જ્ઞાનમોતીથી ગુણમોતીથી શૃંગાર કરે. બેસવા માટે જુદા જુદા સ્વમાનની સીટ પર સ્થિત કરાવે. સમય અનુસાર ફરિસ્તાના ચમકીલો સફેદ ડ્રેસ, રાજા-મહારાજાનો સતયુગી ડ્રેસ, ક્યારેક મંદિરમાં મૂર્તિઓ માટેનો રંગબેરંગી રેશમી વસ્ત્ર (દેવી-દેવતાનો) જ્ઞાન રત્નોના અલંકારોથી શણગારે, ક્યારેક કર્મભૂમિ માટે બ્રાહ્મણનો સાદો, સ્વચ્છ સફેદ પોષાક ધારણ કરાવે. ત્યાર પછી દિલખુશ મીઠાઈ આપે. દિનભર કરવાના કર્મ વિશે શ્રીમત, બુદ્ધિ રૂપી ઝોળી વરદાનોથી ભરી કર્મભૂમિ પર મોકલે. જે ભક્તિમાર્ગમાં ભક્ત ભગવાનને શણગારે તેમ જ્ઞાનયોગમાં ભગવાન જ્ઞાની આત્માને શણગારે. રાતે સૂતી વખતે પણ માનો સંબંધ નિભાવે. પ્રેમથી માથે હાથ ફેરવી તેમની ગોદમાં મીઠી નિંદરમાં પોઢાડે.

યુગ પરિવર્તનના મહાન કાર્ય માટે પવિત્ર આત્માઓની મદદ સામેથી માંગે, ભક્તિમાં આપણે મુશ્કેલ સમયમાં તેની મદદ માટે પોકારીએ છીએ.

સંગમયુગમાં પરમાત્માનું કર્તવ્ય ત્રણ સંબંધથી નિભાવે છે. પિતા તરીકે લાડ-પ્યાર આપે. તેથી તો અમે તેમને બાબા કહીએ છીએ. શિક્ષકના સંબંધે અગમનિગમનું જ્ઞાન પોતાનોને આપણો પરિચય કરે આપે. ત્રિકાલદર્શી તરીકે ત્રણે કાળનું, કર્મ-વિકર્મ-અકર્મનું જ્ઞાન આપે. ત્યારે આપણે સ્ટુડન્ટના રોલમાં હોઈએ. ત્રીજુ સદગુરુના સંબંધે મુક્તિ-જીવનમુક્તિના રસ્તા બતાવે. શ્રીમત આપે. દરેક કર્મ વિશેની તેના વિધિ-વિધાનો સમજાવે. આ ઉપરાંત તેઓ તો કહે છે. તમે મને જે સંબંધથી યાદ કરશો તે સંબંધથી હું તમને નિભાવીશ. જ્ઞાનયોગમાં ઈશ્વર સાથે સાક્ષાત્કાર સીધો સંબંધી જોડવાનો અવસર મળે છે. તેથી તો કહે છે કે જ્ઞાની તુ આત્મા મને સૌથી પ્રિય છે. બાકી જ્ઞાનયોગ, ભક્તિયોગ કે કર્મયોગ એ કોઈ જુદા, એક બીજાના વિરોધી નથી. પરંતુ જ્ઞાનયોગમાં ત્રણે યોગ સમાઈ જાય છે.

કર્મયોગ એટલે યોગમાં રહીને કરેલું કર્મ. કર્મ કરતી વખતે યોગ યુક્ત સ્થિતિ બની રહે. પ્રભુ અર્પણ કરેલ કર્મ. એ અકર્મ બની જાય છે. વિકર્મ થવાનો કોઈ ચાન્સ જ નથી. શ્રેષ્ઠ કર્મ, સમર્થ કર્મ પણ શક્તિશાળી, સમર્થ વિચારધારા સુવિચારો. સકારાત્મક વિચારો દ્વારા જ સદકર્મ થઈ શકે છે. માટે જ જ્ઞાન માર્ગને શ્રેષ્ઠ કહ્યો છે. નરસિંહ મહેતાએ પણ ગાયું છે, જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી. કર્મયોગ, ભક્તિયોગ હોય કે જ્ઞાન યોગ હોય ત્રણે આમ તો ઈશ્વર પ્રત્યે કરવાનું સમર્પણ છે. માટે દરેક આત્મા પોત પોતાના અધિકાર પ્રમાણે તેને પસંદ કરે છે.

॥ ઓમશાંતિ ॥

‘કન્યા કેળવણીનું રણદ્વીપ’

આધ્યાત્મિક શિક્ષણગૃહ,નડિયાદ

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

‘રણદ્વીપ’ શબ્દ પ્રયોજવા માટેનો આશય એ છે કે વર્તમાન સમયે સર્વત્ર તમોપ્રધાન કળિયુગી અજ્ઞાનરૂપી રાત્રિનો અંતિમ સમય ચાલી રહ્યો છે, ત્યારે શિક્ષણક્ષેત્ર વંચિત ક્યાંથી રહે? જે શિક્ષણ સંસ્કારસિંચન અને ચારિત્રઘડતરના ધામો હતાં, ત્યાં હવે ભ્રષ્ટાચાર, લાલચ અને અનીતિનો માહોલ ફેલાઈ રહ્યો હોય ત્યારે માવતરને સ્કૂલ - કોલેજના વાતાવરણમાં પોતાની કન્યાઓને મોકલતાં ચિંતા રહે તે સહજ છે.

પરમપિતા પરમાત્મા શિવે વિશ્વપરિવર્તનના મહાન કર્તવ્ય અર્થે ૧૯૩૭માં પ્રજાપિતા બ્રહ્માના તનમાં અવતરણ કર્યું ત્યારે પ્રથમ શિવબાબાની નજર કુમારીઓ પર પડે છે. આથી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની શરુઆત નાની નાની કન્યાઓના સાચા શિક્ષણ અર્થે બોર્ડિંગથી થઈ. કન્યાઓને બાહ્ય જગતના દૂષિત - તમોપ્રધાન વાતાવરણના પ્રભાવથી દૂર આધ્યાત્મિક માહોલમાં રાખવામાં આવી. જ્ઞાન અને યોગાગ્નિમાં ૧૪વર્ષ પર્યંત તપીને આગળ જતાં આ કન્યાઓ તપસ્વીમૂર્ત દીદી-દાદીઓ બની જગતના ઉદ્ધાર અર્થે નિમિત્ત બની.

વર્તમાન સમયે કુમારીઓના જીવનની સુરક્ષાની સાથે તેમને લૌકિક અને અલૌકિક જ્ઞાન તથા યોગયુક્ત વાતાવરણમાં પાલના મળી રહે અને તેમનું ભવિષ્ય ઉત્તમ રહે એ હેતુથી સન્ ૧૯૮૯માં બ્રહ્માકુમારીઝ નડિયાદ સેવાકેન્દ્ર દ્વારા ‘આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ’ની સ્થાપના કરવામાં આવી. ૩૩ વર્ષના સમયખંડમાં અનેક કન્યાઓએ પોતાના જીવનને પરમપિતા પરમાત્મા દ્વારા વર્તમાન સમયે ચાલી રહેલ વિશ્વપરિવર્તનના મહાન કાર્યમાં સેવા અર્થે સમર્પિત કર્યું. જે વર્તમાનમાં ભારત તથા વિદેશના વિવિધ સેવાકેન્દ્રો પર નિ:સ્વાર્થ સેવા આપીને પોતાના જીવનને સફળ બનાવીરહી છે.

કહેવાય છે કે - કુમળા છોડને જેમ વાળો તેમ વળે.તેમ કન્યાઓને પણ તેમની બાલ્યાવસ્થામાં જેવા સંસ્કાર અને શિક્ષણ આપો તેવી ધારણા થાય.પરમાત્માના વિશ્વપરિવર્તનના ભગીરથ કાર્યમાં કન્યાઓનું યોગદાન અતિ મહત્ત્વનું છે. આથી પરમાત્માના આ દિવ્ય જ્ઞાનમાર્ગ પર ચાલનાર ભાઈ-બહેનો માટે આ એક સુવર્ણ તક છે કે તેઓ પોતાની દીકરીઓને લૌકિક શિક્ષણની સાથે ઈશ્વરીય જ્ઞાનમાર્ગને અપનાવી તેમના જીવનને આધ્યાત્મિક ઉન્નતિ તરફ આગળ લઈ જઈ શકે છે.

‘આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ’માં ધોરણ-૬ થી લઈને કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને રહેવાની સુવિધા આપવામાં આવે છે. જે કુમારીઓને જ્ઞાન-યોગમાં રસ-રુચિ હોય તથા સંસ્થાના નિયમોનું પાલન કરે તેઓ પ્રવેશપાત્ર છે. જેઓ લૌકિક શિક્ષણની સાથે આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગની શિક્ષા પ્રાપ્ત કરી જન્મોજન્માંતરનું શ્રેષ્ઠ ભાગ્યનિર્માણ કરવા ઈચ્છે છે તેઓના માટે આ સ્થાન એ કળિયુગી તમોપ્રધાન સૃષ્ટિ પર એક રણદ્વીપસમાન છે.

વર્તમાન વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આ શિક્ષણગૃહમાં શિક્ષા પ્રાપ્ત કરી રહેલ કન્યાઓના અનુભવ એમના જ શબ્દોમાં વાંચો.

જાનકી (ડભોઈ, ધોરણ ૮)- માતા-પિતા તથા કાકા-કાકી સહિત અમારો સંયુક્ત પરિવાર સાત વર્ષથી જ્ઞાનમાં ચાલે છે. હું અને મારી નાની બહેન અમે બન્નેએ સાથે અહીં પ્રવેશ લીધો. અમારા બંનેના જીવનમાં પરિવર્તન જોઈને અમારી સૌથીનાની બહેન આરતીને પણ અહીં અભ્યાસ માટે આવવાનું મન થઈ ગયું અને દિવાળી પછી તેણે પણ પ્રવેશ લઈ લીધો. હું અહીં આવી તે પહેલાં મારામાં ખૂબ જ ગુસ્સો હતો, તે હવે ઓછો થઈ ગયો છે. મને અમૃતવેલાનું મહત્ત્વ સમજવા મળ્યું છે. હું રોજ અમૃતવેલાએ ઊઠું છું. અહીં આખા દિવસની ચોક્કસ દિનચર્યા છે, માટે સમય વ્યર્થ નથી જતો.પોતાનું બધું કામ જાતે કરતા શીખી ગઈ છું. ભોજનમાં પહેલાં મને જે ન ભાવે તે નહોતી ખાતી. પરંતુ અહીં બ્રહ્માભોજનનું મહત્ત્વ જાણ્યા બાદ હવે દરેક વસ્તુને પ્રેમથી ખાતા શીખી ગઈ છું. હવે મને બધું જ ભાવે છે. બાકીના સમયમાં મારા અભ્યાસને વધારે પાક્કો કરવા માટે મને અહીં સારો સમય અને સમર્પિત બહેનો દ્વારા માર્ગદર્શન મળે છે.

અહીં આવી તે માટે હું પોતાને ખૂબ જ લકી સમજું છું. મને અહીં ઘણું શીખવા અને સમજવા મળ્યું છે. હું આગળનો અભ્યાસ પણ અહીં રહીને જ કરવાની છું. મારું લક્ષ્ય આધ્યાત્મિક જીવનનો પંથ અપનાવી એક આદર્શ બ્રહ્માકુમારી બનવાનું મેં નક્કી કર્યું છે.

દિવ્યા (વાપી, ધોરણ-૯) - હું મૂળ મહારાષ્ટ્રની છું. વાપીમાં હું બાળપણથી જ મારા મમ્મી સાથે બ્રહ્માકુમારી સેન્ટરમાં જતી હતી. ગયા વર્ષે મે - માસના ‘જ્ઞાનામૃત’માં પ્રકાશિત થયેલ કન્યા છાત્રાલયનો લેખ અચાનક જ મારા મમ્મીની નજરમાં આવ્યો. ત્યારે તેમને આ સ્થાન વિશેની જાણ થઈ. મેં પણ આ લેખ વાંચ્યો અને અહીં આવવાનો નિર્ણય લીધો. અહીં તો મારું જીવન જ જાણે બદલાઈ ગયું છે. ઘરે હું ફક્ત ભણતી જ હતી. અહીં આવીને હું જ્ઞાન-યોગને સમજતી થઈ. મેં ભણવાની સાથે ઘણી બધી ઈતર પ્રવૃત્તિઓ- જેમ કે નૃત્ય, સંગીત, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રંગોળી વગેરેમાં ભાગ લીધો. શાળામાંથી સર્ટિફિકેટ પણ પ્રાપ્ત થયા. ઉપરાંત હું અહીં સફાઈ, રસોઈ તથા કપડાં ધોવાનું પણ શીખી, જે મારા ઘરે નહોતી કરતી. ખરેખર મને લાગે છે કે હું શિવબાબાની રત્ન તો હતી જ પણ અહીં આવ્યા બાદ જાણે મારી (આત્માની) પોલિશ થઈ ગઈ. મારી ચમક નીખરી ગઈ. મારા મમ્મી-પપ્પા પણ મારામાં આવેલ પરિવર્તનને જોઈને ખૂબ જ ખુશ છે.

ગાયત્રી (ધોળકા, ધોરણ-૧૦) - હું નાનપણથી જ આધ્યાત્મિક જ્ઞાનથી પરિચિત છું. પરંતુ જ્ઞાનની ગુહ્યતા તથા ઈશ્વરીય શ્રીમત અને ધારણાનું જીવનમાં શું મહત્ત્વ છે તે હું અહીં આ શિક્ષણગૃહમાં આવીને સમજી. વિશેષ અહીંથી જ્યારે અમે બાબામિલનના કાર્યક્રમમાં માઉન્ટ આબુ ગયા તો ત્યાનું સુંદર, મનમોહક, અલૌકિક વાતાવરણ જોઈ મન મંત્રમુગ્ધ થઈ ગયું. ત્યાં અમે સંસ્થાના મુખ્ય સંચાલિકા દાદી રતનમોહિનીજીને વ્યક્તિગત મળ્યાં તથા દરેક પરિસરની મુલાકાત લીધી. ત્યારે બાબાના વિશાળ કાર્યની મારા મનમાં ઊંડી છાપ પડી. ઉપરાંત નડિયાદ ‘પ્રભુશરણમ્’ ભવનમાં અવારનવાર આયોજીત નાના-મોટા કાર્યક્રમમાં યજ્ઞના વરિષ્ઠ ભાઈ-બહેનો જેમ કે સૂરજભાઈ, ગીતાદીદી, વેદાંતીબેન, લક્ષ્મીબેન .. જેવા મહાનુભાવોના વિશેષ ક્લાસીસ તથા દૃષ્ટિ અને ટોલી પણ અમને મળે છે. કહેવાય છે ને કે જાગ્યા ત્યાંથી સવાર. અહીં વિતાવેલ દિવસો દરમિયાન જ્ઞાનની વાસ્તવિક જાગૃતિ મારામાં આવી છે. મારે ભવિષ્યમાં પણ આ અલૌકિક

જીવનમાં હંમેશા માટે સ્ટુડેન્ટ બનીને રહેવું છે.

કાંતિ (ડભોઈ, ધોરણ-૬) - હું જ્યારે માંદી પડી અને મને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ત્યારે કોમલદીદીએ મારી ખૂબ જ સંભાળ લીધી હતી. રાત્રે પણ મારી સાથે રહ્યાં. મને મમ્મીની ખોટ પડવા દીધી નથી. અહીં રહીને હું ઘણું શીખી છું. બધાં સાથે હળીમળીને, સહયોગથી રહેવું, સ્વયંના કામ જાતે કરવા તે અહીં શીખવા મળે છે. હું નિયમિત અમૃતવેલાનો યોગ અને મુરલી ક્લાસ કરું છું.

નિધિ (દાહોદ, ધોરણ-૯) - હમણા જ છ મહિના પહેલાં અમારા પરિવારજનોને આ રાજયોગનું જ્ઞાન પ્રાપ્ત થયું. આ જ્ઞાન મારા તથા મમ્મી-પપ્પા માટે ખૂબ જ નવું હતું. મને એ પણ ખબર ન હતી કે શિક્ષણગૃહમાં કેવી રીતે રહેવાનું? શું કરવાનું હશે? મન અહીં આવવા અચકાતું હતું. હું અહીં ઉચ્ચ અભ્યાસના લક્ષ્યથી આવી હતી. શરુઆતમાં મને થતું કે કદાચ અહીં અભ્યાસ માટે મને પૂરો સમય નહીં મળી શકે તો? મારા મનમાં ઘણો સંકોચ પણ રહેતો. પરંતુ અહીં આવ્યા પછી પરમાત્માના જ્ઞાનમાં પૂરો નિશ્ચય થયો. હું અહીં જૂન મહિનામાં આવી હતી ત્યારે એ વખતે મેં યજ્ઞમાતા મમ્મા (માતેશ્વરી જગદમ્મા સરસ્વતી)ની જીવન કહાની સાંભળી. ત્યાર બાદ અમે દરેક કુમારીઓએ મળીને મમ્માના જીવન પર એક નાટક પણ તૈયાર કર્યું, જેમાં મને મમ્માનું પાત્ર ભજવવાનો ચાંસ મળ્યો હતો. જેની મને ખૂબ જ ખુશી થઈ હતી. મમ્મા શિવબાબાની આદર્શ પુત્રી હતી. હવે તો મારે પણ મમ્માની જેમ જ મારું જીવન ઈશ્વરીય જ્ઞાન-યોગ-સેવામાં આગળ વધારવું છે.

ખુશી (સુરત, ધોરણ-૭) - મમ્મી-પપ્પાની હું એક જ લાડલી દીકરી છું. બન્ને જ્ઞાનમાં ચાલે છે. શરુઆતમાં તેઓને છોડીને હોસ્ટેલ આવવામારું દિલ નહોતું માનતું. પરંતુ અહીંના વાતાવરણમાં અને સખીઓના માહોલમાં હું પણ અમૃતવેલા, મુરલી ક્લાસ નિયમિત કરું છું. સંગીત, નૃત્ય, રમતગમતમાં મને મજા પડે છે. મમ્મી-પપ્પા જ્યારે હોસ્ટેલમાં પહેલીવાર મળવા આવ્યા ત્યારે મેં કહી દીધું કે અહીં મને ગમે છે અને અહીં રહીને જ અભ્યાસ પૂરો કરીશ, ઘરે રહીને ભણવાની નથી. તેઓને નવાઈ લાગી, ખુશ પણ થયાં.

આમ, આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહની આ કન્યાઓના અનુભવોને રજૂ કરતાં અમને ઘણો આનંદ થાય છે. ઈશ્વરીય છત્રછાયામાં પાલના મેળવી રહેલ આ નાની નાની કળીઓ ધીરે ધીરે ખીલી રહી છે અને રુહાની ગુલાબ બનીને પોતાના ગુણો અને વિશેષતાઓની સુગંધ ચારે તરફ ફેલાવવા સ્વયંને ઈશ્વરીય જ્ઞાન અને યોગબળથી સુસજ્જ કરી રહી છે.

આ રીતે જો તમારી દીકરી, બહેન કે સખી કુમારી હોય અને તેમને તલાશ હોય આવા કોઈ રણદ્વીપની આ આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ, નડિયાદ આપનું સ્વાગત કરે છે.

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો.

બી.કે. સંધ્યાબેન

આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ

ગુરૂકૃપા સોસાયટી,
નાના કુંભનાથ રોડ, નડિયાદ
ફોન - ૯૪૦૮૯ ૭૬૬૧૭,
(૦૨૬૮) ૩૫૬૦૧૪૫

॥ ઓમશાંતિ ॥

બલિહારી 'બે બોલ' ની

બ્ર.કુ. અનિલ, સુરત

લોકો ગમે તે કહે પણ બોલવું તો જોઈએ જ. લિંકને ગેટીસબર્ગના મેદાનમાં બે બોલથી માટીમાંથી મર્દ સર્જ્યા. નેપોલિયન તો તેના સૈન્યને અંગ્રેજી અક્ષર વી બતાવી વિક્ટરી (વિજય)નો સંકેત કરતો હતો. બે બોલનું મહત્ત્વ પણ સામાન્ય નથી. મૂર્છિત થયેલો બે શબ્દ બોલે, તો ઘણાના પ્રાણ જાણે જતાં અટકે. બોબડો માણસ બે શબ્દ બોલતા શીખે, તો સૂર્યોદયની દિશા બદલાઈ ગઈ હોય. મા તેના દીકરાને બે શબ્દો લખવા કોઈ દ્વારા સંદેશો મોકલે છે. ઋષિ-મુનિઓ તો મીતાક્ષરી અને સૂત્રાત્મક ભાષા બોલતા. તેમને શીખવાડે કોણ? તેમને સાંભળે કોણ? નાનું બાળક મ...મ્... મી... બોલતા શીખે, તો તેની માની જીભમાંથી જાણે વાણીનાં બોત્તેર તીર છૂટે અને તે આખી શેરી ગજવી નાંખે ટ્રંકકોલમાં આદેશ મળે - 'મીસા' અજમાવો. ખલાસ! પછી તો સત્તા આગળ શાણપણનું શું ચાલે? 'ગરીબી હટાવો'ના બે બોલમાં તો અવનવો જાદુ થઈ જાય. પેટીઓ છલકાય જાય, લોકોની આંખો અંજાઈ જાય અને કેટલાક તો ચક્કરમાં પડી જાય. ચક્કરમાં પડે જ ને? બે બોલ બોલતાં ન આવડે તો શું? આમ આપણા બધાનો અનુભવ છે કે બે બોલની બોલબાલા ગવાય છે.

બોલીના પ્રભાવ વિશે એક દૃષ્ટાંતથી સમજીએ કે - એક દિવસ એક ઘુવડ કોઈ સફેદ રંગના કબૂતરને મળ્યું. કબૂતરે તેને પૂછ્યું, 'તું ક્યાં જાય છે.' ઘુવડે કહ્યું, 'હું પૂર્વમાં રહેવા જાઉં છું.' શા માટે? 'અહીં મારી બોલી કોઈને પસંદ નથી. તેથી પૂર્વમાં જવા માંગુ છું.' 'જો તું બોલી-અવાજ બદલી શકે, કર્કશતા છોડી શકે, તો અહીં પણ વસવાટ કરી શકે છે! જો તેમ તું નહિ કરે, તો પૂર્વમાં પણ લોકો તને નાપસંદ જ કરશે.'

સમગ્ર જીવનસૃષ્ટિમાં માનવ જીવન શ્રેષ્ઠ છે. માનવ જીવનમાં તેની વાણીનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું છે. કોઈએ કહ્યું છે કે - વાણીથી પ્રાણી પરખાય. વાણીમાંય વળી બે બોલનું મહત્ત્વ તો કેટલું અપરંપાર છે! રોજના વ્યવહારમાં બે બોલનું ચલણ તો ચલણી નોટ અને ચલણના સિક્કા કરતાં પણ વિશેષ છે. ગુડમોર્નિંગ, ઓમશાંતિ, થેંક્યુ, પ્લીઝ, વેરી ગુડ, વેરી બેડ, આઈ એમ સોરી (માફ કરજો), કમ ઈન પ્લીઝ. આવા તો ઘણા જ બે બોલ રાત-દિન કાને અથડાય છે. બે શબ્દોએ તો ઘણો ઈતિહાસ સર્જ્યો છે, જેમ કે, 'હિંદ છોડો', 'કરેંગે યા મરેંગે' વગેરે ખરેખર બે બોલનો ચમત્કાર ઓછો નથી. લોકો સમજે છે કે બોલે તેના બોર વેચાય. બોર તો શું ઠળિયા પણ ટપોટપ ખપી જાય. યંત્રોની દુનિયામાં માણસ પણ અવાજ કરવામાં તેનું અનુકરણ કરે છે. 'वचने किम दरिद्रता' નો સિદ્ધાંત અજમાવે છે. લોક કેમ કંજૂસ બને? ન બોલનારને અથવા ઓછું બોલનારને કેવું સાંભળવું પડે છે? એ તો મીંઢા છે, મૂંગા છે, મગનું નામ મરી ન પાડે, મુનિ છે, વ્રત લીધું છે, બોલવાના પૈસા પડે છે વગેરે વગેરે. બીજી બાજુ બોલનારને પણ સાંભળવું પડે છે બોલનારાઓની ટીકા થાય છે - બોલકણા છે. વાચાળ છે, જીભ છૂટી છે વગેરે. આ તો બે બાજુની પંચાત કરવું શું? સૂડી વચ્ચે સોપારી, માટે જ તેની કિંમત છે.

વર્તમાન સમયમાં વિજ્ઞાને ખૂબ જ પ્રગતિ કરી છે. અત્યારે નાનામાં નાના અણુ અને

(અનુસંધાન પેજ નં. 23 પર)

દિવ્યદર્શન

રામનવમીનું રહસ્ય

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

એક રાજા **રામ** હતા જે એક સુપ્રસિદ્ધ અયોધ્યા નગરીનાં રાજા હતાં. એમનું જીવન ખૂબ જ તેજોમય, દિવ્ય અને પવિત્ર હતું. તે રામ કોઈ પરમાત્મા નહિ પરંતુ એક જીવનમુક્ત દેવતા હતા. તેઓનાં જીવનમાં કોઈ પણ પ્રકારનું દુઃખ ન હતું. એમની તો જેટલી મહિમા કરીએ એટલી ઓછી જ છે. એમની પ્રજા સતોગુણી, દિવ્ય સ્વભાવવાળી, મર્યાદામાં માનનારી, અહિંસક અને સુખશાંતિથી સંપન્ન હતી. તે સમયે કોઈ પણ પ્રકારનું દૈહિક દુઃખ ન હતું. ન પ્રકૃતિનો કોઈ પ્રકોપ હતો, ન કોઈ તકલીફ હતી, લોકોનાં મનમાં કોઈ પણ પ્રકારની અશાંતિ ન હતી, જે આજે રામરાજ્યનાં ગુણગાન આપણે વર્ષોથી સાંભળતાં આવ્યા છીએ.

આ **રામરાજ્ય**ની સ્થાપના **નિરાકાર રામ** અર્થાત્ પરમપિતા પરમાત્મા શિવે કરી હતી. કળિયુગનાં અંતમાં જ્યારે ધર્મગ્લાનિનો સમય હતો, તે વખતે પરમપિતા પરમાત્મા શિવ અવતરિત થઈને સર્વ મનુષ્ય આત્માઓને જે ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગનું જ્ઞાન આપે છે. મનુષ્ય આત્મા આ જ્ઞાનને ધારણ કરીને પાવન બની, તે આગળનાં કલ્પના ત્રેતાયુગમાં શ્રી સીતા-શ્રી રામ તથા તેની પ્રજા રૂપે જન્મ લીધો હતો અને જીવનમુક્તિ અથવા દેવપદ અથવા રાજ્ય ભાગ્યનું સુખ મળ્યું હતું. રામ થકી **શિવ ધનુષ્ય** તોડવાનો વાસ્તવિક અર્થ એ છે કે, **ધનુષ્ય** એ પુરુષાર્થનું પ્રતીક છે. અર્થાત્ વીરતા-શૂરવીરતાનું પ્રતીક છે. પરમાત્મા શિવ જ્ઞાન આપી જે પુરુષાર્થ કરાવે છે, તેને યથાર્થ રીતે એટલે કે સાચી રીતે કરવો. આજકાલ જેમ કોઈ વિદ્યાર્થીએ અજોડ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો આપણે કહીએ છીએ કે, તેણે તો રેકોર્ડ તોડી નાંખ્યો. તેવી જ રીતે ઋષિ-મુનિ, યાજ્ઞિક-યોદ્ધા જે કોઈ માયા ઉપર વિજય પ્રાપ્ત કરી શકતા ન હતા, તેના ઉપર રામે જ્ઞાનબાણથી વિજય પ્રાપ્ત કર્યો હતો. એટલા માટે જ કહેવાય છે કે રામે શિવ ધનુષ્ય તોડ્યું હતું. રામનું ચિત્ર એટલે જ ધનુધારીના સ્વરૂપમાં ચિત્રિત કરવામાં આવે છે કારણકે તેઓ ચિરકાલ સુધી તે અવિરત માયા અને આસુરી પ્રવૃત્તિઓ સાથે યુદ્ધ કરતા રહ્યાં. પૂર્વજન્મના આ પુરુષાર્થના ફળસ્વરૂપે તેમને રાજ્ય-ભાગ્ય પ્રાપ્ત થયું હતું. રામે (વાસ્તવમાં પૂર્વ જન્મમાં) પરમપિતા પરમાત્મા શિવ પાસે ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, એ પણ બહુ પ્રસિદ્ધ છે.

આપણા સૌને ધ્યાનમાં રહે કે, ખરેખર શ્રીરામચંદ્રજીના ધર્મપત્ની સીતાજીનું કોઈ અપહરણ નથી થયું. કે ના તેમને 14 વર્ષનો વનવાસ મળ્યો, કે કોઈ માતા સીતાને પાછા મેળવવા માટે કોઈ હિંસક યુદ્ધ થયું હતું. કારણ કે પત્નીનું અપહરણ થવું, વનવાસ મળવો, હિંસક યુદ્ધ થવું આ બધી ઘટનાઓ તો તેવી વ્યક્તિના જીવનમાં બનતી હોય છે. જેનો કોઈ કર્મ-ભોગ કે કોઈ વ્યક્તિ સાથેનો હિસાબ-કિતાબ કોઈ અન્ય આત્માની સાથે રહ્યો હોય અથવા કોઈ અપૂર્ણ આત્મા હોય. શ્રી રામ તો 14 કળા સંપૂર્ણ પવિત્ર આત્મા હતા અને સર્વ કર્મબંધનોથી મુક્ત હતા. એમના જીવનમાં શત્રુ, હિંસક વ્યક્તિ વગેરે ન હતાં. એમના રાજ્યમાં કોઈ વ્યક્તિની હિંમત પણ ન હતી કે તેમની ધર્મપત્ની માતા સીતાજીને ખરાબ દ્રષ્ટિથી જોઈ પણ શકે? ત્રેતાયુગમાં તો

કુદૃષ્ટિવાળા કે ખરાબ સંકલ્પો કરી શકે તેવા મનુષ્ય હતા જ નહીં. પરંતુ **યથારાજા રાણી તથા પ્રજા** બધા જ સતોગુણી, દિવ્ય અને પવિત્ર હતાં.

શ્રીરામને **મર્યાદા પુરુષોત્તમ** કહેવાનો અર્થ એ નથી કે, એમના ભાઈ બાંધવો, પ્રજા અથવા શત્રુઓએ પ્રતિકૂળ પરિસ્થિતિ ઉભી કરી હોય. જેમ માતા કૈકેયી અને દાસી મંથરાએ પણ વિકટ પરિસ્થિતિઓ ઉભી કરી. શૂપર્ણખા અને રાવણે પણ વિઘ્નો રૂપી પરીક્ષાઓ લીધી પરંતુ શ્રીરામે તેમની મર્યાદા ક્યારેય છોડી ન હતી. તેથી જ તેમને **મર્યાદા પુરુષોત્તમ** કહેવા પાછળનો ભાવાર્થ એ છે કે, પૂર્વજન્મમાં પરમપિતા પરમાત્મા શિવ પાસે ઈશ્વરીય જ્ઞાન મેળવી પોતાના જીવનમાં દિવ્ય મર્યાદાના શ્રેષ્ઠ ઉંચા સંસ્કારો ભર્યા ત્યાર બાદ **શ્રીરામ**ના નામથી જગમાં પ્રસિદ્ધ થઈને જીવનમાં પૂર્ણ મર્યાદામાં રહ્યાં. ત્યાં સુધી કે તેમના જીવનમાં અમર્યાદાની પિરિસ્થિતિ ઉભી કરનાર કોઈ હતું જ નહીં. એમના ભાઈ-બાંધવ બધા જ પાવન અને દિવ્ય ગુણોવાળા હતા. શ્રીરામના કોઈ નિંદક કે શત્રુ હતા જ નહીં. એમના રામરાજ્યમાં બધા મર્યાદાનું સંપૂર્ણ પાલન કરનારા દેવાત્માઓ હતાં અને તે સર્વમાં ઉત્તમ હતાં એટલે એમને **મર્યાદા પુરુષોત્તમ** શ્રીરામ કહ્યા. એમના રાજ્યમાં આખું જગ સિયારામ મય હતું.

રામનવમીના અવસર પર અર્થાત્ ત્રેતાયુગી રાજા રામના શુભ જન્મોત્સવ પર આપણે એ વ્રત લેવું જોઈએ કે, આપણે પણ પરમપિતા પરમાત્મા શિવ દ્વારા ઈશ્વરીય જ્ઞાનને જીવનમાં ધારણ કરી આપણાં જીવનને સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી અને પૂર્ણ અહિંસક બનાવીએ. જેથી ભારતમાં સાચા અર્થમાં **રામરાજ્ય**ની પુન:સ્થાપના થાય. જેની ઈચ્છા આપણા રાષ્ટ્રપિતા બાપુ મહાત્મા ગાંધીજી પણ લખતાં હતાં અને વર્તમાન સમયમાં જેની સ્થાપના નિરાકાર રામ (પરમપિતા શિવ) અત્યારે પ્રજાપિતા (બાપુ) બ્રહ્મા થકી કરી રહ્યાં છે. ચલો, સાચા **રામરાજ્ય**ની સ્થાપના કરવા માટે આપણે સૌ દૃઢ સંકલ્પના બળે સાચી **રામનવમી** મનાવીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 24નું અનુસંધાન)... દૃષ્ટિ અને હતી. જ્યારે પણ દાદીજી કંઈ વાત કરતાં હતાં ત્યારે સ્વ કલ્યાણની વાત અવશ્ય કરતાં હતાં. મેં જોયું છે કે દાદીજીને કોઈ પણ મળતું હતું ત્યારે સૌ પોતાને બાળક અનુભવ કરતા હતા પછી એ મુલાકાતી નાના હોય કે મોટાં, વૈજ્ઞાનિક હોય કે રાજ નીતિજ્ઞ. બધાં જ જાણે દાદીજી પાસે બાળક બની જતાં એટલું જ નહિ પરંતુ પોતાને ધન્ય ધન્ય અનુભવી પોતાના ભાગ્યનું ગુણગાન કરતાં હતાં. દાદીજીને સ્વચ્છતા બહુ જ ગમતી હતી. જ્યારે પણ બાપદાદાની સીઝન શરૂ થતી ત્યારે દાદીજી એ પહેલાં બધા જ વિભાગમાં ચક્કર લગાવતાં અને સ્વચ્છતાનું ધ્યાન રાખતા હતા. દાદીજી ખરેખર પ્રકાશની મણિ હતાં. દાદીજી આવડી મોટી જવાબદારી સંભાળતા હોવા છતાં હળવાશ અનુભવતા હતાં! દાદીજીની પુણ્યસ્મૃતિ પર મારા કોટિ કોટિ અભિવાદન અને પ્રણામ... એમનું માર્ગદર્શન આજે પણ વિશ્વ કલ્યાણનો માર્ગ સરળ બનાવી દે છે!!!

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં **માર્ચ - ૨૦૨૩** માસની **શબ્દાવલી ભાગ - ૨૮**ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની **શબ્દાવલી ભાગ - ૨૯** અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા **મે - ૨૦૨૩**ના અંકમાં **શબ્દાવલી ભાગ - ૨૯**ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૯

1	2	3		■	4		5		6
7			■	8		■		■	
	■	9	10	■	11		12		
13	■	■	14	15		■	16		■
	■	17			■	18	■	19	20
■	21		■		■		■	22	
23			■	■	24				
■		■	25		■	■	■	■	■
26		27	■	■	28	29		30	■
31							■	32	

શબ્દાવલી ભાગ - ૨૮ના જવાબોવાળું કોષ્ટક

1 મ	2 ન	3 મ	4 ના	ભ	5 વ	■	■	6 ભા	7 વિ
8 હિ	મા	લ	ય	■	9 હા	10 જ	11 ર	■	શ્વ
12 લા	જ	■	13 બ	14 બુ	લ	ના	થ	■	જ
દિ	■	15 પુ	■	દ્ધિ	■	અ	■	16 વિ	લ
17 વ	ત	ન	■	18 વા	19 રી	■	20 અ	ના	દિ
સ	■	21 રા	મ	ન	વ	22 મી	■	23 શી	વ
■	24	વ	■	■	25 ર	સ	26 મ	■	સ
■	27 કી	ર્ત	ન	■	■	28 રી	મી	29 અ	■
30 મિ	લ	ન	■	31 ચો	કી	■	■	32 શો	ભા
ડુ	■	■	33 હો	ળી	■	34 જ	ન	ક	■

આડી ચાવીઓ -

1. વૈશાખનો શુભમુહૂર્તનો દિવસ (૪)
4. ૭ એપ્રિલનો દિવસ (૫)
7. હિમંતે બચ્ચે .... ખુદા (૩)
8. ......- રાજેશ્વરી (૨)
9 એક અક્ષર બે વખત લખો (૨)
11. જ્ઞાન અને ભક્તિમાં ..... નો ફરક છે. (૫)
13. અવાજ (૨)
14. મૂડી (૩)
16. આદત (૨)
17. એક ગુજરાતી ફરસાણ વાનગી (૩)
19. .....બટ વન (૨)
21. બેસણામાંથી બનતું એક ફરસાણ (૨)
22. દ્વાપરમાં દેવતાઓ ..... માર્ગમાં ગયા (૨)
23. આત્મા અને પરમાત્માનું ..... કહેવાય (૩)
24. રસ્તા પર જતાં દેખાતું દૃશ્યને અંગ્રેજીમાં .....(૫)
25. પૃથ્વીને અંગ્રેજીમાં .... કહેવાય (૨)
26. બહેનોના રૂપિયા .... માં વધુ વપરાય (૩)
28. હનુમાન (૪)
31 બચ્ચે બાપ કા શો કરતે, ઉસે ... કહતે (૭)
32. હસ્તાક્ષર (૨)

ઉભી ચાવીઓ -

1. હિમાલયમાં ......ની યાત્રા (૫)
2. આત્મામાંથી ..... નીકળે ત્યારે સોના જેવી બને (૨)
3. ત્રણ દેવોના રચયિતા (૩)
4. અમે ..... લહેરી લાલ (૪)
5. વિશાળ દિલ (૪)
6. ડેનમાર્ક દેશની ભાષા ...... છે (૩)
10. .....ના વાયરા (૩)
12. એ .... તુમ્હેં, બચ્ચે બુલાતે હૈ (૫)
14. મહાત્મા (૨)
15. કુલમાં ... રજ હોય (૩)
18. મુરલી .... છડી છે (૩)
20. વંદન, પ્રણામ (૩)
21. હમ હૈ ...... આર્મી (૫)
26. ચહેરા શબ્દનું અંગ્રેજી (૨)
27. નારાયણી ..... ચઢે (૨)
28. શહદ, હની (૨)
29. બચ્ચે બાબાકે ગલે કા .... હૈ (૨)
30. જ્યુસ (૨)

સુરત પરવટ ખાતે 'શિવજયંતિ મહોત્સવ'માં BJP અધ્યક્ષ ડૉ. રવિન્દ્ર પાટીલ, સ્કુલના ટ્રસ્ટી લાલજીભાઈ અને હરીશભાઈ, લાયન્સ ક્લબના પ્રમુખ સીમરનબેન, બ્ર.કુ. ટીનાબેન, બ્ર.કુ. ગીતાબેન

આહવામાં સરકારી વિનિયન અને વાણિજ્ય કૉલેજમાં 'વસંત પચંમીના દિવસે' કાર્યક્રમનું દિપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં મુખ્ય અતિથી બ્ર.કુ. ઈનાબેન બાજુમાં આચાર્ય ડૉ. ઉત્તમભાઈ.

સુરત પાલનપુર જકાતનાકા દ્વારા આયોજીત 'બર્ફાની અમરનાથ દર્શન'માં પધારેલ મ્યુનિસીપલ કૉરપોરેટર ભગિની નેન્સીબહેન શાહને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સુમનબેન.

અમદાવાદ વટવા ખાતે 'અમરનાથ'ની ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં મણિનગર મેડીકલ એસો.ના પ્રમુખ ડૉ. અમરતલાલ મહેશ્વરી, CA ભ્રાતા અમીનેશભાઈ યાદવ, પશુપતિનાથભાઈ, બ્ર.કુ. તારાબેન.

સુરત મોટા વરાછામાં 'શિવરાત્રી પર્વે' આયોજીત 'શિવદર્શન' ઝાંખીમાં સાધના સોસાયટીના પ્રમુખ ભ્રાતા મુકુંદભાઈ, બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ. મીનાબેન.

મહુવા ખાતે 'શિવધ્વજારોહણ' કાર્યક્રમમાં શિવધ્વજ લહેરાવતા સ્વામી નારાયણ ગુરૂકુળના સ્વામી ગોંવિદસ્વામીજી, અગ્રણી વ્યાપારી વિઠ્ઠલભાઈ, બ્ર.કુ. શોભનાબેન, બ્ર.કુ. પદમાબેન.

મરોલી સેવાકેન્દ્ર ખાતે 'ધ્વજારોહણ' બાદ પૂર્વ જીલ્લા અધ્યક્ષ ભ્રાતા રાહુલભાઈ પટેલને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન.

ખેડા ખાતે સિનીયર સીટીઝન કાઉન્સીલના 'શિવરાત્રી' કાર્યક્રમમાં શિવસંદેશ આપતાં બ્ર.કુ. દક્ષાબેન, પ્રમુખ ભ્રાતા સી.બી.શાહ, સભ્ય ભ્રાતા રમેશભાઈ શુક્લ, ભ્રાતા બચુભાઈ દલવાડી.

Gyan Amrit Vol.16 | Issue 04 | April 2022 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટ ખાતે મહાશિવરાત્રી પર્વ પર 'અલવિદા તનાવ'ના ઉદ્‌ઘાટનમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, મુખ્ય વક્તા બ્ર.કુ.પુનમબેન, MLA ભગિની દર્શિતાબેન શાહ, MLA ભ્રાતા રમેશભાઈ ટીલાળા, મેયર પ્રદીપભાઈ, પૂર્વ રાજ્યપાલશ્રી ભ્રાતા વજુભાઈ વાળા, કલેક્ટર અરૂણ મહેશ બાબુ IAS તથા અન્ય.

રાજકોટ અવધપુરી સેવાકેન્દ્રમાં 'જીવન ઉત્સવથી નવી શરૂઆત' કાર્યક્રમમાં પધારેલ ગુજરાત રાજ્યના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલનું શૉલ ઓઢાડી સન્માન કરી, ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. લક્ષ્મીબેન, બ્ર.કુ. રેખાબેન.

અમદાવાદ નવરંગપુરા 'રેડીયો સાબરમતી 89.6 FM' દ્વારા શિવરાત્રી પર્વે 'શિવસુરધારા' સંગીત સ્પર્ધાના ગ્રાન્ડ ફિનાલેમાં વિજેતાઓ સાથે સમુહચિત્રમાં, દેશભરના સ્પર્ધકો, મા.આબુથી પધારેલા બ્ર.કુ. ગીતાબેન, રેડીયો સાબરમતીના સ્ટેશન ડાયરેક્ટર બ્ર.કુ. ઈશિતાબેન, બ્ર.કુ. લલીતભાઈ અને નિર્ણાયક ગણ.

વડોદરા મંગલવાડી સેવાકેન્દ્રમાં 'શિવરાત્રી મહોત્સવ' કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક ભ્રાતા બાલકૃષ્ણભાઈ શુક્લ, GSFC યુનિવર્સીટીના સલાહકાર ભ્રાતા વિમલભાઈ, અગ્રણી વ્યપારી ભ્રાતા હેંમતભાઈ શાહ અને સુનિલભાઈ ગણદેવીકર સાથે બ્ર.કુ. રાજબેન તથા બ્ર.કુ. રીયાબેન.

શહેરામાં નવનિર્માણધીન ભવનનાં 'શિલાન્યાસ' પ્રસંગે અલખધામ પ્રયાગરાજના શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી પ્રદિપગીરી બાપુ, TDO ભ્રાતા આર.એમ.મારટેડા, શહેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભ્રાતા મુકેશભાઈ દેસાઈ, સરકારી હોસ્પીટલના સુપ્રીટેડન્ટ ડૉ. અશ્વિનભાઈ રાઠોડ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. રતનબેન તથા અન્ય મહાનુભાવો.

સુરેન્દ્રનગર ખાતે 'શિવરાત્રી અવતરણથી સ્વર્ણિમ મહોત્સવ'માં પધારેલ ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક ભ્રાતા જગદીશભાઈ મકવાણાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. હર્ષાબેન, સાથે નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા વિરેન્દ્રભાઈ આચાર્ય તથા બ્ર.કુ. અરૂણાબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com